Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




Vol-3 * Issue-6

APRIL-2003

ચૈત્ર

એપ્રિલ-૨૦૦૩

આત્મ સંવત : ૧૦૭

વીર સંવત : ૨૫૨૯

વિક્રમ સંવત : ૨૦૫૯

પુસ્તક : ૧૦૦


विवेकलोचनोन्मेषसमुज्ज्वलितमानसः ।
सर्वत्र पश्यन्नात्मानं भवेत सर्वत्र वत्सलः ॥

*

વિવેકદષ્ટિના વિકાસે જેનું મન ઉજ્જવલ બન્યું છે એ મહાનુભાવ બધામાં પોતાને જોતો હોઈ સર્વત્ર વાત્સલ્યભાવ ધરાવતો હોય છે. ૫૮

*

He whose mind has been brightened by the expansion of the eye of discrimtinaion, sees himself everywhere and is affectionate to all.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૫૮, પૃષ્ઠ-૧૫૩)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જૈન શ્રાવક | રચયિતા : બુદ્ધિસાગરસૂરિજી મ.સા. | ૧ |
| (૨) | પૂ. આ.શ્રી વિજય ભદ્રંકરસૂરિજી મ.ને શ્રદ્ધાંજલિ | મુનિ જંબૂવિજયજી મ. | ૨ |
| (૩) | અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૭) | કાંતિલાલ દીપચંદ શાહ | ૮ |
| (૪) | મુનિશ્રી જંબૂવિજયજી | ગુણવંત છો. શાહ | ૧૨ |
| (૫) | ચોવીસમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી | રજૂકર્તા : દિવ્યકાંત સલોત | ૧૫ |
| (૬) | ધરમ તો ઘડપણમાં થશે ખરું ને ? | ધૂની માંડલિયા | ૨૧ |
| (૭) | ઋણ ચૂકવ્યું | સ્વ. લક્ષ્મીચંદભાઈ છ. સંઘવી | ૨૩ |


### * બીજાનો વિચાર કરો *

જ્યારે સ્વામી વિવેકાનંદ પરદેશમાં પ્રચાર કરવા માટે ભારતમાંથી વિદાય થતા હતા ત્યારે તેમની માતાએ તેમનામાં પ્રચાર કરવાની પાત્રતા છે કે નહિ તેની પરીક્ષા કરવા માટે પોતાને ઘેર બોલાવ્યા.

સ્વામીજી માતાના ઘેર ગયા. માતાએ થાળીમાં જુદા જુદા ફળો આપ્યા અને સમારવા માટે એક છરી આપી. ફળો ખાધા પછી માતાએ છરી પાછી માગી, ત્યારે સ્વામીજીએ છરીનો લાકડાનો હેન્ડલવાળો ભાગ માતા તરફ ધરીને માતાને છરી પરત કરી.

માતાએ સ્વામીજીને કહ્યું : 'તમે મારી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છો.'

સ્વામીજીએ પૂછ્યું : 'પરીક્ષા શું કરી?'

માતાએ કહ્યું : 'છરી આપતી વખતે છરી મને વાગી ન જાય તેમ વિચાર કરીને તમે મને લાકડાનો હેન્ડલવાળો ભાગ ધર્યો. જે માણસ બીજાનો વિચાર કરે છે તે જ જગતને ઉપદેશ આપવાને પાત્ર છે.'

*—પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર
(ફક્ત સભ્યો માટે)

*  *  *

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્‌મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્‌મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્‌મંત્રી
(૭) હસમુખરાય જયંતીલાલ શાહ—ખજાનચી

*  *  *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

*  *  *

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

*  *  *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

*  *  *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

## ❀ જૈન શ્રાવક ❀

*(રચયિતા : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા.)*

**સદ્‌ગુરુની કરે મશ્કરી, દેવે ગુરુને ગાળ;**
**સદ્‌ગુરુને જે આળ દે, શ્રાવક તે ચંડાળ. ૨૯**

**અદૃશ્ય તેનું મુખ છે, સાધુ ભક્તને જાણ;**
**તપ જપ કરતો તે અરે, લહે નહીં નિર્વાણ. ૩૦**

**વિનય રત્નની પેઠ જે, કરે ગુરુનો ઘાત;**
**પાપી દુર્ભવી શ્રાદ્ધ તે, લહે નહીં સુખશાત. ૩૧**

**પુણ્ય-પાપ માને નહીં, અભક્ષ્ય વસ્તુ ખાય;**
**મ્લેચ્છ શ્રાદ્ધ તે જાણવો, માને નહિ ગુરુરાય. ૩૨**

**ગુરુ આગળ મીઠું વદે, પાછળ નિન્દક થાય;**
**દગો કરે વિશ્વાસી થઈ, દુર્ગતિમાં તે જાય. ૩૩**

**પેસી ગુરુના ચિત્તમાં, લે સઘળી મન વાત;**
**બીજા આગળ સહુ કહે, નીચી તેહની જાત. ૩૪**

**ગુરુનો શુભ શ્રાવક બની, કાઢે ગુરુની ખોડ;**
**અન્ય ભવે વા આભવે, પામે તનુમાં કોઢ. ૩૫**

**જી જી હાજી હા કરે, કરે ન સેવા લેશ;**
**સહાય કરે ના સાધુને, તે નહીં શ્રાવક બેશ. ૩૬**

**કરે ન સદ્‌ગુરુ સેવના, સુણે ન સદ્‌ગુરુ શીખ;**
**શ્રાવક તેવા પરભવે, ઘર ઘર માગે ભીખ. ૩૭**

**આપ બુદ્ધિ આગળ કરે, ગુરુનું કરે ન માન;**
**તેવા શ્રાવક પરભવે, પામે બહુ અપમાન. ૩૮**

**ગુરુ દેખી ઊભા થઈ, કરે ન ગુરુ સત્કાર;**
**અવિનયી શ્રાવક તે ખરે, હણે ધર્મ નિર્ધાર. ૩૯**

**કરે ગુરુ અપમાન કોઈ, વારે નહીં ધરી ધર્મ;**
**છતી શક્તિ નહીં વાપરે, બાંધે તે મહા કર્મ. ૪૦**

**ગુરુ પર આક્ષેપો કરે, કોઈ કર્મ ચંડાલ;**
**શ્રાવક એવારે નહીં, અભક્ત તેહ નિહાળ. ૪૧**

**ગુરુ શ્રદ્ધા ભક્તિ વિના, શ્રાવક નગુરો જાણ;**
**ધર્મ કર્મ તે શું? કરે, કરે શું? ચિત્ત પ્રમાણ. ૪૨**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥ શ્રી નાકોડા પાર્શ્વનાથાય નમઃ ॥

# પૂ. આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. ને શ્રદ્ધાંજલિ

પૂ. આ. મ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.નું ગૃહસ્થપણાનું મૂળ નામ ભાઈલાલભાઈ હતું. મૂળ ધીણોજના વતની, પણ પ્રાયઃ અમદાવાદમાં રહેતા હતા. પાલિતાણામાં મારા પિતાશ્રી તથા મારાં માતુશ્રી વિ. સં. ૧૯૮૭માં સિદ્ધગિરિની નવાણું યાત્રા કરતા હતા. ત્યારે મારી ઉંમર આઠ વર્ષની હતી. ત્યારે મને યાદ છે કે દીક્ષા લેતાં પૂર્વે ભાઈલાલભાઈ પાલિતાણા યાત્રા કરવા આવ્યા હતા. અને પ્રાયઃ કોટાવાળાની અથવા બાબુ પનાલાલની ધર્મશાળાના ઓટલા ઉપર એમને મેં જોયેલા તથા બાપજીના સમુદાયમાં એ દીક્ષા લેવાના છે એવી વાત થતી હતી એવો પણ મને ઓછો ખ્યાલ છે. એ કાળી ગોળ ટોપી પહેરતા હતા એવું પણ મને યાદ આવે છે. આ મારો એમને પ્રથમ વાર જ જોવાનો પ્રસંગ.

તે પછી પૂ. આ. મ. શ્રી વિજયસિદ્ધિ-સૂરીશ્વરજી મહારાજ કે જે બાપજી મહારાજના નામથી જ અમદાવાદમાં અત્યંત પ્રસિદ્ધ હતા તેમના સમુદાયમાં વિ. સં. ૧૯૮૭માં એમની દીક્ષા થઈ. અને પૂ. આ. મ. શ્રી વિજય મનોહરસૂરિજી મહારાજના એ શિષ્ય થયા. તેના બીજા વર્ષે વિ. સં. ૧૯૮૮માં મારા પિતાશ્રીએ પણ બાપજી મહારાજના સમુદાયમાં જ દીક્ષા લીધી અને પૂ. આ. મ. શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજના શિષ્ય થયા. મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ એમનું નામ રાખવામાં આવ્યું હતું.

મારા પિતાશ્રીને વંદન કરવા આદિ નિમિત્તે મારે ઉપાશ્રયે જવાનું ઘણીવાર થતું હતું એટલે ભદ્રંકરવિજયજી મહારાજનાં પણ દર્શન થવાનો વારંવાર પ્રસંગ આવતો હતો. એમના સંસારી સાળાએ પણ દીક્ષા લીધી હતી તેમનું નામ અરૂણવિજયજી મહારાજ હતું. એમનાં પણ દર્શન થતાં હતાં.

તે પછી વિ. સં. ૧૯૯૩માં મારી દીક્ષા મારા પિતાશ્રી પાસે થઈ. તે પછી તો પૂ. ભદ્રંકરવિજયજી મહારાજને મળવાનું તથા સાથે રહેવાનું ઘણીવાર થતું હતું.

પૂ. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ વૈરાગ્યના રંગથી ખૂબ જ રંગાયેલા હતા. દીક્ષા લીધા પછી જ્ઞાનના તથા તપના ખૂબ રસીયા બન્યા હતા. પછી તો થોડા જ સમયમાં સુંદર પ્રવચનકાર થયા હતા. અમદાવાદમાં વિદ્યાશાળામાં તેમના પ્રવચન સમયે ઘણા ઘણા શ્રોતાઓની ઉપસ્થિતિ રહેતી હતી તે મેં નજરે જોયેલું છે.

મારા પિતાશ્રી ગુરુદેવની હાજરીમાં ઘણીવાર મળવાનું બનેલું તે પછી મારા પૂ. પિતાશ્રી ગુરુદેવનો શંખેશ્વર તીર્થમાં સં. ૨૦૧૫માં મહાસુદિ આઠમે સ્વર્ગવાસ થયો, મારે અમદાવાદ જવાનું થયું, ત્યારથી તો તેમના ઘણા ગાઢ સંપર્કમાં આવવાનું થયું હતું.

જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ આ ચારેયના એ ઉત્તમ આરાધક હતા. લુખ્ખી (કોરી) જ્ઞાનની ઉપાસના એમને પ્રિય નહોતી, જ્ઞાન પણ ચારિત્ર માટે જ એ એમનો અત્યંત દૃઢ આગ્રહ હતો. એટલે એમણે જે જે ગ્રંથોના અનુવાદ કરેલા છે તે ચારિત્રશુદ્ધિમાં વિશેષ સહાયક થાય એવા ગ્રંથોને ખાસ પસંદ કરીને તેના ઉપર ખૂબ ખૂબ પરિશ્રમ કરીને સાધુ-સાધ્વીજી ખૂબ સ્પષ્ટ રીતે સમજી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી ભાષામાં તેમણે અનુવાદો કરેલા છે. એ અનુવાદો અત્યંત લોકપ્રિય પણ બનેલા છે.

**ધર્મસંગ્રહ** પૂ. આ. મ. શ્રી મેઘસૂરીશ્વરજી મહારાજનો ખાસ પસંદગીનો ગ્રંથ હતો. બધા શિષ્યોને એની વાચના પણ એ આપતા હતા. પૂ. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા મારા પૂ. પિતાશ્રી ગુરુદેવ પણ એ વાચનામાં બેસતા હતા. તે સમયની મારા પિતાશ્રીએ કરેલી નોંધો મારા સંગ્રહમાં હજુ પણ પ્રાયઃ છે. આગળ જતાં પૂ. ઉપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજે રચેલા એ મહાન ગ્રંથનો અનુવાદ પૂ. ભદ્રંકરવિજયજી મહારાજે કર્યો છે. ધર્મગ્રંથ એક મહાન આકર ગ્રંથ છે, તેમાં સાધુધર્મ તથા શ્રાવક ધર્મની અનેક અનેક અતિ ઉપયોગી વાતોનો સંગ્રહ છે. તેનાં મૂળસ્થાનોને શોધી કાઢવા તથા તેનું પ્રામાણિક વિવેચન કરવું એ સહેલું કામ નથી. સમુદ્રમંથન જેવું એ કાર્ય છે. પૂર્વાપર શાસ્ત્રોનાં વચનોના સમુદ્રનું મંથન કરીને એમણે તૈયાર કરેલો ગુજરાતી અનુવાદ બે ભાગમાં છપાયેલો છે. જૈન સંઘમાં આ અત્યંત પ્રિય ગ્રંથ બનેલો છે. એમણે કરેલું વિવેચન આજે પણ આશ્ચર્ય ઉપજાવે તેવું છે. આ એમની અમરકૃતિ છે.

**સંવેગરંગશાળા** પણ પૂ. આ. મ. શ્રી મેઘસૂરીશ્વરજી મહારાજનો અતિ પ્રિય ગ્રંથ હતો. અંતિમ સમયે સંવેગરંગશાળાનું શ્રવણ કરતાં મેઘસૂરિજી મ. અત્યંત સંવેગરંગમાં નિમગ્ન થઈ જતા હતા. આ ગ્રંથ પણ ઘણો જ મોટો છે. પ્રાકૃત ભાષામાં છે. મૂળ જ ગ્રંથ કઠિન તેમાં પાઠોની અશુદ્ધિ એટલે ગ્રંથ સમજવામાં ઘણી મુશ્કેલી. વિષયો પણ એમાં પાર વિનાના. આવા કઠિન ગ્રંથનો એમણે જે સુંદર અનુવાદ ગુજરાતી ભાષામાં કર્યો છે તે પણ આશ્ચર્ય ઉપજાવે છે. અમારા જેવા હંમેશાં સંશોધન કાર્યોમાં ડૂબેલા માણસો પણ જે પાઠો સમજવામાં મુશ્કેલી અનુભવે તે પાઠોના પણ તેમણે સુંદર અર્થો કરેલા છે.

જીવનના અંત સમય સુધી, પણ તેમનું સતત વાંચન ચાલ્યા જ કરતું હતું. આવો તેમનો અપાર જ્ઞાનપ્રેમ હતો.

દર્શનશુદ્ધિ તો તેમના જીવનમાં સુંદર હતી જ પ્રભુના શાસન માટે તેમને અપાર રાગ હતો.

ચારિત્રશુદ્ધિમાં એ અત્યંત આગ્રહી હતા. અતિનિસ્પૃહી હતા. તપની આરાધનામાં એમણે વર્ધમાનતપની ૧૦૦ ઓળી ઉપરાંત આરાધના કરી હતી. જીવનમાં ઠેઠ સુધી કંઈને કંઈ તપની આરાધના એ કર્યા જ કરતા હતા. શરીર થાક્યું ત્યારે પણ તપનો રંગ એમનો એનો એ જ હતો.

આહારની બાબતમાં એમનો ઇન્દ્રિયજય જબરજસ્ત હતો. નિર્દોષ આહાર માટે એમનો ખૂબ જ ખૂબ આગ્રહ રહેતો હતો. શરીર થાક્યું અને અમદાવાદમાં જ ઘણાં વર્ષો રહેવાનું થયું ત્યારે પણ નવકલ્પી વિહારની શાસ્ત્રીય મર્યાદાને ધ્યાનમાં રાખીને જુદા જુદા સ્થાનોમાંએ સ્થલાંતર કરતા હતા. ડોળીમાં બેસીને વિહાર કરતા રહેવાનું એમણે ક્યારેય પસંદ કર્યું નહોતું.

પદવીની બાબતમાં પણ એ તદ્દન નિઃસ્પૃહ હતા. એમનાથી ઘણા ઘણા નાના પર્યાયવાળા સાધુઓ ગણિ - પંન્યાસ - ઉપાધ્યાય-આચાર્ય પદ ઉપર આરૂઢ થઈ ગયા ત્યારે પણ એ મુનિ જ રહ્યા હતા.

સામાન્ય રીતે અમારા બાપજી-મેઘસૂરિજી મ. ના પરિવારમાં પદવી માટે નિઃસ્પૃહતા પહેલેથી જ ચાલી આવી છે. બીજા સમુદાયોમાં ગણિ-પંન્યાસ-ઉપાધ્યાય-આચાર્ય પદ ઉપર આરૂઢ થવાનો જબરજસ્ત પ્રવાહ ચાલતો હોય, એ માટે હોડ પણ ચાલતી હોય ત્યારે પણ પદવીની બાબતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિઃસ્પૃહતા આ અમારી પરંપરા છે.

પૂ. બાપજી મહારાજે પણ એમનાથી નાના બીજા સાધુઓ આચાર્યપદે આરૂઢ થઈ ગયા પછી આચાર્યપદવી લીધી હતી. પૂ. મેઘસૂરિજી મહારાજ તો નિઃસ્પૃહ હતા જ પૂ. આ. મ. શ્રી મનોહર-સૂરિજી મહારાજને જ્યારે ભોયણીમાં પહેલી પદવી આપવામાં આવી ત્યારે કેટલા દબાણને વશ થઈને એમણે પદવી લીધી હતી, એનું વર્ણન મારા ગુરુમહારાજે કર્યું હતું.

પદવી આપતાં પહેલાં સવારમાં એક ક્રિયા કરવાની હોય છે એમાં **सुज्झे** એમ બોલે તો જ પદવી આપી શકાય. પૂ. મનોહરવિજયજી મહારાજનો નિશ્ચય હતો કે મારે પદવી લેવી જ નથી. એટલે હું **सुज्झे** બોલીશ જ નહિ. એટલે પૂ. સાગરજી મહારાજ સવારમાં આવીને ઉભા રહ્યા અને હોઠ પાસે ગાલ ઉપર આંગળી દબાવી જ રાખી કે **सुज्झे** બોલ. બોલે છે કે નહિ? **सुज्झे** બોલ. ત્યારે ખૂબ દબાણને અંતે મનોહરવિજયજી મહારાજ **सुज्झे** બોલ્યા અને પછી પદવી પ્રદાનની વિધિ થઈ હતી.

આ જ પરંપરા અમારે ત્યાં ચાલી આવે છે. પૂ. બાપજી મ.ના સ્વર્ગવાસ પછી જ ભદ્રંકર-વિજયજી મહારાજની પંન્યાસ પદવી થઈ હતી. ક્રિયા કરાવવા માટે પદસ્થની જરૂર પડે એટલે પૂ. ભદ્રંકર વિજયજી મહારાજને પંન્યાસ પદવી મનોહરસૂરિજી મહારાજે અમદાવાદ હાજાપટેલની પોળમાં શાંતિનાથની પોળમાં દહેરાસરની પાસે દરવાજા પાસે આપી હતી, ત્યારે હું પણ ત્યાં હાજર હતો.

મારા પૂજ્ય પિતાશ્રી ગુરુદેવ તો સ્પષ્ટપણે કહેતા જ હતા કે આપણે મુનિપદને યોગ્ય થઈએ તો પણ ઘણું જ છે. આચાર્યપદની તો વાત જ કેવી? પૂ. જગદ્‌ગુરુ શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. પછી ચાર-પાંચ પાટ સુધી આચાર્ય પદવી ચાલુ રહી. તે પછી પં. સત્યવિજયજી મહારાજ પછી પાટ પરંપરામાં અનેક અનેક વર્ષો સુધી ઘણા ઘણા જ્ઞાની મહાપુરુષો થયા છતાં તેમાં કોઈ આચાર્યો નહોતા.

કેટલાયે વર્ષો પછી સંવેગી પરંપરામાં આત્મારામજી મહારાજ પહેલા આચાર્ય થયા હતા, એટલે જ એમને આદ્ય આચાર્ય વિશેષણ લગાડવામાં આવે છે. આ વાત મારા પૂ. ગુરુદેવ મને વારંવાર ભાર પૂર્વક કહેતા હતા. એટલે મારા ઉપર પદવી લેવા માટે અતિ અતિ અતિ દબાણ આવવા છતાં, **तव्वयणसेवणा आभवमखंडा** ગુરુ-વચનને નજરમાં રાખીને મેં આચાર્ય પદવીથી દૂર રહેવા જ પ્રયત્ન કર્યો છે. પૂ. બાપજી મ. એમના જીવનકાળ દરમ્યાન જ વજ્રસ્વામીની જેમ ઉત્સારકલ્પ કરીને બધા જ પદસ્થોના અધિકારો મને આપવાનો સંકલ્પ કર્યો હતો.

વિક્રમ સંવત ૨૦૫૨માં અમદાવાદ પંકજ સોસાયટીમાં મુનિરાજશ્રી ભવ્યરત્નવિજયજીની દીક્ષા થઈ ત્યારે આચાર્યપદવી લેવા માટે મને ઘણું ઘણું દબાણ થયું હતું ત્યારે પણ મારી આ બાબતમાં મક્કમતા જાણીને પૂ. શ્રી ભદ્રંકરસૂરિજી મહારાજે સકલ સંઘ સમક્ષ પૂ. બાપજી મહારાજની પાટપરંપરામાં પટ્ટધર તરીકે મારી સ્થાપના કરીને પદસ્થોના બધા અધિકારો આપી દીધા હતા. પૂ. બાપજી મહારાજના સંકલ્પને આ રીતે તેમણે પૂર્ણ કર્યો હતો. અમારા સમુદાયમાં પહેલેથી જ પદવી એક મોટી જવાબદારી છે એમ સમજીને પદવીની સ્પૃહા કે સ્પર્ધા જાગી જ નથી.

એટલે જ્યારે ચારે બાજુ આચાર્ય પદવી લેવા તથા આપવા માટે સ્પર્ધા જાગી હતી અને એનો જોરદાર પ્રવાહ ચાલતો હતો ત્યારે પૂ. પં. શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભદ્રંકરવિજયજી મ. ઉપર આચાર્ય પદવી લેવા માટે ખૂબ ખૂબ દબાણ આવ્યું ત્યારે હું લુણાવામાં (રાજસ્થાન) પરમ નમસ્કાર મહામંત્રારાધક પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પાસે હતો. મારા ઉપર પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજનો અમદાવાદથી પત્ર આવ્યો કે લુણાવામાં પૂ. પંન્યાસજી મહારાજને પૂછજો કે મારે શું કરવું? પૂ. પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે પણ આચાર્યપદવી ન લેવાની સલાહ આપી હતી. તે પછી કેટલાક સંયોગોને કારણે આચાર્ય પદવી લેવાની એમને ફરજ પડી ત્યારે કેટલા કેટલા દુઃખાતા મને અતિ વ્યાકુળ હૃદયે એમણે એ પદવી લેવી પડી હતી તે તેમના શિષ્યો સારી રીતે જાણે છે. પદવી લીધા પછી પણ પત્રમાં ક્યારે ય એ 'ભદ્રંકરસૂરિ' એમ લખતા નહોતા. મારા ઉપરના પત્રમાં છેવટે ભદ્રંકર એવા નામથી જ સહી દસ્કત કરતા હતા. આ તેમની નમ્રતા તથા નિસ્પૃહતા અજોડ છે અને સ્પૃરણીય છે. વ્યાખ્યાન પણ તેમનું અત્યંત સૂક્ષ્મ ચિંતનથી ભરેલું હતું ઘણે ભાગે દૂર દૂર વિચરવાને કારણે તેમનું વ્યાખ્યાન સાંભળવાના મારે બહુ ઓછા પ્રસંગ આવેલા હતા. પણ જયારે સાંભળવાનો પ્રસંગ આવેલો ત્યારે એમનું સૂક્ષ્મચિંતન હજુ પણ મારા કાનમાં ગુંજે છે.

પ્રાચીનતા એમને ઘણી જ પ્રિય હતી. નવી નવી ફેશનેબલ વસ્ત્ર-પાત્ર આદિ ચીજો તરફ એમની ઘણી નારાજગી હતી. મેં મારા ઓઘા ઉપર પ્લાસ્ટીક ચડાવ્યું હતું તે જોઈને મને તરત કહ્યું કે આ અનાર્યચીજ કેમ ચડાવી છે.

જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં એ નિરંતર ડૂબેલા રહેતા હતા. કોઈ આવીને બેસે અને નિરર્થક વાતો કરે તો કહે કે આ નવકારવાળી ગણવા લાગ. ફોગટ વાતો ચાલે એ એમને જરા પણ પસંદ નહોતું. આરાધના વિના સમય જાય એ એમને ગમે જ નહિ. ખરેખર એ આરાધક હતા. પ્રસિદ્ધિથી તદ્દન દૂર રહેવાનું એ પસંદ કરતા હતા.

પૂ. આ. મ. શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મ.ના પ્રથમ શિષ્ય તે મનોહરસૂરિજી મહારાજ અને છેલ્લા શિષ્ય તે મારા પૂ. પિતાશ્રી ભુવનવિજયજી મહારાજ. પૂ. મેઘસૂરિજી મ.ના સ્વર્ગવાસ પછી મારા ગુરુમહારાજે પૂ. મનોહરસૂરિજી મ.ને વડીલ તરીકે સ્વીકાર્યા હતા. પૂ. મેઘસૂરિજી મહારાજનો સ્વર્ગવાસ વિક્રમ સંવત ૧૯૯૯માં થઈ ગયો હતો.

પૂ. આ. મ. શ્રી મનોહરસૂરિજી મ.ના સ્વર્ગવાસ પછી પૂ. આ. મ. શ્રી ભદ્રંકરસૂરિજી મહારાજને અમે વડીલ તરીકે સ્વીકાર્યા હતા.

વર્તમાનકાળમાં ગચ્છાધિપતિ તો કોઈ છે જ નહિ. મારી દીક્ષાને ૬૬ વર્ષ થયાં. પણ ગચ્છાધિપતિ શબ્દ અમે વર્ષો સુધી સાંભળ્યો જ નહોતો. કારણ કે ખરેખર અત્યારે કોઈ તપગચ્છના અધિપતિ છે જ નહિ. પૂ. જગદ્‌ગુરુ હીરસૂરિજી મ. પછી સકલ તપગચ્છ ઉપર પ્રભુત્વ ત્રણ-ચાર પાટ સુધી જ ચાલ્યું છે. બાકી તો બધા પોત-પોતાના સમુદાયના જ અધિપતિ છે. પોતાની મેળે જ કોઈ ગચ્છાધિપતિ લખાવે કે તપગચ્છના રાજાધિરાજ લખાવે તો કોઈ ના પાડતું નથી. જયારે ગચ્છાધિપતિ સાંભળવામાં આવે છે ત્યારે મને ઘણું અજુગતું લાગે છે. આ ખોટી પદવી કેમ ચાલી રહી છે એની મને નવાઈ લાગે છે.

જેને સમગ્ર જૈન શાસનની--જૈન સંઘની ચિંતા હોય તે જ આ પદવીને લાયક બની શકે. જેને ભારતમાં જૈન શ્વે. મૂ. તપાગચ્છના અનુયાયીઓ ક્યાં ક્યાં છે એની પણ કશી ખબર ન હોય--એની ખબર રાખવાની લેશ માત્ર પણ જેને પરવા કે ચિંતા પણ ન હોય એ ગચ્છાધિપતિ કહેવાય જ શી રીતે? હું તો અનેક દેશોમાં ફરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરતાં જોતો આવ્યો છું કે એક બાજુ સાધુ-સાધ્વીના વિચરણના અભાવે જૈનોનાં ઘરોનાં ઘરો બીજા સંપ્રદાયોમાં ભળી રહ્યાં છે, જે છે તે પણ અતિ અતિ તરસ્યાં છે કે કોઈ પણ બે-ત્રણ સાધુ-સાધ્વી મહારાજ અહીં પધારે અને અમને ધર્મમાં જોડે તથા સ્થિર કરે આ પરિસ્થિતિ છે અને બીજી બાજુ એક એક સ્થળે સેંકડો-હજારો સાધુ-સાધ્વી રહે છે અને એનાથી કેટલાયે ક્ષેત્રો વંચિત રહે છે, એની એમને જરા પણ ચિંતા નથી. હાથી-ઘોડા-પાલખી-નગારામાં જ એમને ચોથો આરો વર્તાય છે એવી માન્યતા- ભ્રમણા બંધાઈ ગઈ છે. આ લખવામાં કોઈની ટીકા કે ટિપ્પણી કરવાની જરા પણ ભાવના નથી. માત્ર આ પરિસ્થિતિને વહેલી તકે તથા કથિત ગચ્છાધિપતિઓએ તથા આચાર્ય મહારાજોએ સમજવી પડશે. આ તો ગચ્છાધિપતિ પદવીની તથા આચાર્યપદની પણ વિડંબના છે. યોગ્યતા વિના તો આ પદવીઓનું અવમૂલ્યન જ થાય.

પૂ. ભદ્રંકરસૂરિજી મ.ને શાસનની સતત ચિંતા રહેતી હતી. આવા તદ્દન નિઃસ્પૃહી આરાધક આચાર્ય મહારાજનો અભાવ ખૂબ ખટકે છે.

હરિદ્વારથી શિખરજી તરફ અમે જઈ રહ્યા હતા ત્યારે હરિદ્વારમાં ચિંતામણિપાર્શ્વનાથ દેરાસરની પેઢીમાં અમદાવાદથી ફોન આવ્યો કે તેમનો સ્વર્ગવાસ થયો છે. અમે ઘોર જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્કુટર ઉપરથી જતો કોઈ માણસ અમને કહી ગયો કે તમારા આચાર્ય મહારાજનો અમદાવાદમાં સ્વર્ગવાસ થયો છે. ત્યારે જ અમને ખબર પડી.

પૂ. આ. મ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના જીવનની ઘણી ઘણી વિશેષ વાતો તેમના સાથે સદા રહેલા સાધુ-સાધ્વી શ્રાવકો જ સારી રીતે જાણે. પણ જે મારા અનુભવની વાતો છે તે સંક્ષેપમાં અહીં જણાવી છે.

આવા શાસનના નિરંતર હિતચિંતક જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધનામાં સદા પરાયણ મહાપુરુષને વંદન કરીને તેમના જીવનમાંથી કંઈ પણ પ્રેરણા મેળવીએ આ ભાવના સાથે આ સંક્ષિપ્ત શ્રદ્ધાંજલિ તેમના કરકમળમાં અર્પણ કરૂં છું.

સં. ૨૦૫૮, શ્રા. વ. ૫, તા. ૨૯-૮-૦૨નાકોડાતીર્થ
પોષ્ટ-મેવાનગર, જિલ્લા-બાડમેર, (રાજ.) પીન-૩૪૪૦૨૫

*પૂજ્યપાદ આ.શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર*
*પૂજ્યપાદ આ.દે. શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજના*
*શિષ્ય પૂજ્ય ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી*
*મુનિ જંબૂવિજય*

❀ ❀ ❀

**શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત**
**'આત્માનંદ પ્રકાશ' રૂપી**
**જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ....**

**બી સી એમ કોરપોરેશન**

**(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)**
**નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯**
**ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બીજાનું જીવન ન બગડે તેમ વર્તવું

એક રાજા હતો. અંતરથી તે તદ્દન નિર્વિકારી હતો. પરંતુ આખો દિવસ તેની પાસે રાણીઓ રહેતી અને રાજા તેમની સાથે અનેક પ્રકારની ક્રીડાઓ કરતો.

રાજાનો આવો વ્યવહાર ગામની એક સુશીલ સ્ત્રીને ખૂંચતો. રાજાનો આ વ્યવહાર જોઈને બીજાઓ શું કરશે એ એના અંતરની ચિંતા હતી.

એક વખત તે સ્ત્રી રાજા પાસે ગઈ અને તેની સામે તિરસ્કારભરી નજરે જોયું. તે જ વખતે સુશીલ સ્ત્રીના દેહમાં દાહ પેદા થઈ ગયો. રાણીઓએ સ્ત્રીને કહ્યું : 'અમારા પવિત્ર રાજા તરફની તિરસ્કારભરી નજરનું પરિણામ જોયું ને ?'

રાજાએ તે સુશીલ સ્ત્રીને કહ્યું : 'મારા સ્નાનનું પાણી તારા શરીરને લગાડી દે. તારો દેહ શાંત થઈ જશે.'

ખરેખર તેમ જ થયું. પછી રાજાએ તેને પૂછ્યું : 'હવે મારી નિર્વિકારિતા સંબંધમાં તારી ખાતરી થઈને ?'

તે બાઈએ કહ્યું : 'હા જરૂર, પણ તેથી કાંઈ તમને આવો બાહ્ય વ્યવહાર કરવાનો અધિકાર નથી. લોકો આજે મોટાઓના બાહ્ય વ્યવહારને જોઈને જ શીખતા હોય છે.'

રાજાએ સુશીલ એવી તે બાઈની વાત કબૂલ કરી લીધી અને પોતાનો બાહ્ય વ્યવહાર પણ નિર્મળ બનાવ્યો.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 242 82 54 - 243 05 39

❀

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૭)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## કાલાપાનીથી તાકલાકોટ :

દિલ્હીથી નીકળ્યાને આજે નવમો દિવસ ૭૦૦ કી. મી. ની યાત્રા કરીને કાલાપાની ૧૨૦૦૦ ફુટની ઉંચાઈ પર આવી ગયા આજે અમારે બરફ આચ્છાદિત ૧૬૭૫૦ ફુટની ઉંચાઈ પર આવેલા તથા ૧૬ કી. મી. દૂર લીપુપાસ પસાર કરવાનો છે. બધા યાત્રિકો પરદેશ (ચીન)માં યાત્રા કરવા ખુબ જ ઉત્સાહમાં હતા. લીપુપાસની આ બાજુ ભારત અને પેલી બાજુ ચીન છે. લીપુપાસ ઉપર ઘુંટણથી લઈને ગોઠણ સુધી બરફ જામી જાય છે. કોઈક વાર તોફાની પવન ફુંકાય અથવા તો ધોધમાર વરસાદ વરસે બરફનું તોફાન પણ થાય. લીપુપાસ સવારમાં સાતથી આઠ સુધીમાં પસાર કરવો પડે કારણ કે દિવસ ચડતો જાય તેમ બરફ ઓગળતો જાય તેથી ચાલવાવાળા તથા ઘોડાવાળાને લપસી પડવાનો ભય રહે.

આજે દુર્ગમ એવો લીપુપાસ પસાર કરવાનો હોય દરેક યાત્રિ બે વાગ્યે જાગીને ત્રણ વાગ્યે યાત્રાએ જવા નીકળી પડ્યા. સૌથી પહેલા દરેકને લાઈનમાં ઉભા રાખીને ગણત્રી કરવામાં આવી અને કહેવામાં આવ્યું કે દરેકે સાથે રહેવું. અમારી સાથે પાંચ ઈન્ડો તિબેટિયન સીક્યોરીટીના જુવાનો, એક ડોકટર, બે ઘોડે સવાર તથા વાયરલેસ ઓપરેટર હતા. કોઈ પણ યાત્રિકને કોઈપણ મુશ્કેલી જણાય તો તાત્કાલિક સારવાર થઈ શકે.

ૐ નમઃ શિવાય, શંકર ભગવાનની જય તથા આદેશ્વર ભગવાનની જય બોલાવતા નીકળ્યા. રાત્રે ત્રણ વાગ્યે ઠંડી કે મારૂ કામ. યાત્રિકોએ બને એટલા ગરમ કપડા, મંકીકેપ, હાથ પગના બે બે મોજા, બુટ તથા વધારામાં પવનથી બચવા માટે વીન્ડ ચીટર પહેર્યા હતા. ફક્ત બે આંખો જ ખુલ્લી હતી. એકાદ કીલોમીટર ચાલ્યા પછી કપરૂ ચઢાણ આવતા ઘોડા ઉપર બેસી ગયા. સાથે રાખેલ ટોર્ચ ઘોડાવાળાને આપી. ઘોડાવાળા વારંવાર ચેતવણી આપે કે જો જો સૂઈ ન જતાં. ગબડી પડ્યા તો યાત્રા ચુકી જશો. એવો તો મધુર ઠંડો પવન આવે કે જાણે બે કલાક નિરાંતે સૂઈ જઈએ. આંખના પોપચાને પરાણે ખુલ્લા રાખવા પડે. નીરવ શાંતિમાં ફક્ત તમરાનો અવાજ આવે અને આગિયા ઝબુક ઝબુક ઉડ્યા કરે.

સવારે પાંચ વાગ્યે નવી ડાંગ પહોચ્યાં કે અમોને પ્રસિદ્ધ ૐ પર્વતના દર્શન થયા. આખા પર્વતમાં કુદરતી રીતે બનેલા ૐકાર જેવા અક્ષર ઉપર બારેમાસ બરફ જામેલો રહે છે જયારે ૐકાર સિવાયના પર્વતના બીજા ભાગ ઉપર બીલકુલ બરફ હોતો નથી. જયારે ૐકાર પર્વત ઉપર સવારના સૂર્યકિરણો પડે છે ત્યારે ૐ આકૃતિ ઝળહળી ઉઠે છે. અને સુંદર દ્રશ્ય ખડું થાય છે. એને જોઈને મન નાચી ઉઠે છે. ૐ પર્વતના દરેક યાત્રિકોએ બે હાથ જોડી પ્રાણામ કર્યા અને પ્રાર્થના કરી. ૐ પર્વતના દર્શન જેના નસિબમાં હોય તેને જ થાય છે. અવારનવાર ગાઢ ધુમ્મસ થવાથી અંધારૂ થઈ જાય છે અને ૐ પર્વત દેખાતો બંધ થઈ જાય. અમોને વાતાવરણ સ્વચ્છ હોવાથી ૐના સ્પષ્ટ દર્શન થયા હતા. એક વખતની વાત છે કે ૐકાર વાદળની પાછળ છુપાઈ ગયેલો ત્યારે એક બેને તાંડવ નૃત્ય કર્યું કે તરત જ થોડીક સેકન્ડ માટે ૐના દર્શન થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સવારનો સમય હતો. મંદ મંદ વહેતો સુગંધી શીતલ પવન ઉત્સાહ વર્ધક અને પ્રેરણાદાયક હતો. ચારે બાજુનું નૈસર્ગિક સૌંદર્ય પણ અદ્‌ભુત હતું. ચાલતા ચાલતા નમસ્કાર મહામંત્રનો જાપ કરતો હતો.

લીપુપાસ આવતા જ બરફ દેખાવો શરૂ થઈ ગયો. અમે પહોંચ્યા ત્યારે ઘુંટી સુધી બરફ હતો. ઘોડા ઉપરથી ઉતરી બરફમાં ચઢાણ ચઢતાં શ્વાસ ધમણની માફક ચાલતો હતો. કોઈ વખત બરફ ઉપરથી પગ લપસી પડતો હતો. ઘોડાવાળા મજૂરો તથા આવેલા જવાનો હાથ પકડી પકડીને યાત્રિકોને ટોચ પર પહોંચાડતા હતા. લીપુપાસ ચડ્યા પછી ભારતની પોલિસે ચીનથી આવેલા ગાઈડને યાત્રિકો સોંપી દીધા. ગુંજીમાં જે ડોકટરે મને માંડમાંડ પાસ કરેલો તેઓ અમારી સાથે જ હતા. તેઓએ મારી પ્રગતિ જોઈને ખભા ઉપર હાથ મૂકીને કહ્યું કે તમો લીપુપાસ ઉપર કોઈ પણ જાતની તકલીફ વગર આવી ગયા એટલે કૈલાસ માનસરોવર યાત્રા સફળતા પૂર્વક કરી શકશો. મારી (ડોકટરની) શુભેચ્છા. ઘોડાવાળા તથા મજુરોને ચીનની સરહદમાં લઈ જવાની મનાઈ હોવાથી ઘોડાવાળાને અત્યાર સુધીના હિસાબના રૂપીયા ચુકવી દીધા. પાંચસો રૂપીયા બાકી રાખ્યા કે જેથી વળતી યાત્રાએ તેઓ હાજર થઈ જાય. લીપુપાસ ઉપર કૈલાસ માનસરોવર યાત્રા પુરી કરીને આગલી બેચના યાત્રિકો પાછા આવે ત્યારે જ અમોને ચીનની સરહદમાં જવાની અનુમતિ મળે. પણ તેટલા જ વખતમાં બુટના તળીયેથી ગોઠણ સુધી ઠંડી લાગવા માંડી અને લાગવા માંડ્યું કે પગ ખોટા પડી ગયા. હવામાં ઓકસીજન ઓછો હોવાને લીધે શ્વાસમાં તકલીફ જણાવા લાગી. જેમ તેમ પગ ઉંચા નીચા કરીને ગરમાવો લાવ્યો અને ભારત ભૂમિને પગે લાગીને ચીન બાજુએ ઉતરવા માંડ્યું નીચે ઉતરતાં જ કૈલાસ માનસરોવર યાત્રા પૂરી કરીને આવેલા યાત્રિકો સામે મળ્યા. સામાન્ય વાત ચીત થઈ કે યાત્રામાં કેવી મુશ્કેલી પડી વગેરે. ચીનની સરકારે યાત્રિકોને લેવા માટે આવેલ બસ જોઈ લીપુપાસ ઉતર્યા પછી જાણવા મળ્યું કે આ વર્ષમાં આ વખતે જ લીપુપાસ ઉપર સૌથી ઓછો બરફ છે અને વાતાવરણ ચોખ્ખું છે. લીપુપાસ ઉતરતા પણ ધોળે દિવસે તારા દેખાયા હતા.

બધા યાત્રિઓ તથા સામાન આવી ગયા બાદ બસમાં બેસીને ચીનની અંદર આવેલું પહેલું મોટું ગામ તાકલાકોટ કે જે ૧૯ કી.મી. દૂર છે ત્યાં જવા નિકળ્યા. રસ્તામાં પાંચ સાત ખોરડાવાળા ગામો જોવામાં આવ્યા તિબેટી સ્ત્રી પુરુષો ખેતરમાં કામ કરતા હતા. અહિંયા જવનો પાક મુખ્ય છે. કરનાળી નદી પરનો પુલ પસાર કરી અગ્યાર વાગ્યે તાકલાકોટ પહોંચ્યા ગાઈડે થોડી સૂચનાઓ આપી પુરંગ ગેસ્ટ હાઉસમાં ઉતારો આપ્યો. ગેસ્ટ હાઉસમાં ૨૫ નાના અલગ અલગ ઓરડાઓ છે. એક ઓરડામાં છ જણા રહી શકે. ઓઢવા પાથરવાનું વ્યવસ્થિત રીતે પલંગ ઉપર મૂકેલા હતા. ગરમાગરમ પાણી ભરેલું થર્મોસ દરેક રૂમમાં પડેલું હતું. થર્મોસમાં સવાર સાંજ ગરમ પાણી આપી જતા હતા.

સૌથી પહેલા દરેક યાત્રિકે એસ.ટી.ડી. મારફત ઘરે ખબર આપી દીધા કે લીપુપાસ પસાર કરીને સહી સલામત ચીનની સરહદમાં તાકલાકોટ પહોંચી ગયા છીએ. દરેકની તબિયત સારી છે.

૩૧-૮-૧૯૯૯ના રોજ દિલ્હીથી નીકળી કાઠગોદમ, બાગેશ્વર યાત્રાની તળેટી ધારચુલા, માંગ્તી, ગાલા, બુધી, ગુંજી, કાલાપાની, નવી ડાંગ (ૐ પર્વત) તથા લીપુપાસ પસાર કરીને ૮-૯-૧૯૯૯ના રોજ ચીનની સરહદમાં તાકલાકોટ પહોંચ્યા.

*(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ ઘર : ૨૨૦૧૪૭૦
સુનીલભાઈ ઘર : ૨૨૦૦૪૨૬
પરેશભાઈ ઘર : ૨૫૧૬૬૩૯

આત્માનંદ પ્રકાશના હીરક વર્ષ નિમિત્તે
હાર્દિક શુભેચ્છાઓ સાથે

**મહાગુજરાત સિલ્ક સિલેક્શન**

(પરંપરામાં ૪૭ વર્ષ)

નોબલ્સ, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૯૬૧૦, ૬૫૮૫૧૪૬

**એમ. જી. સિલ્વર જ્વેલર્સ**

**(કલાત્મક સિલ્વર જ્વેલર્સ માટે)**

બી-૮, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**શાહ મનસુખલાલ કુંવરજી**

(ટાણાવાળા પરિવાર) ફોન : ૬૫૮૯૪૧૦

**ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.**

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૨૪૨૯૦૭૦, ૨૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર—૪૩૯૭૮૨, વડવા પાનવાડી—૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૫૬૫૯૬૦, ભાવનગર-પરા-૨૪૪૫૭૯૬, રામમંત્ર-મંદિર-૨૫૬૩૮૩૨, ઘોઘા રોડ—૨૫૬૪૩૩૦, શિશુવિહાર—૨૪૩૨૬૧૪

**સલામત રોકાણ** **આકર્ષક વ્યાજ**

| **ડીપોઝીટ** | **વ્યાજનો દર** | **ડીપોઝીટ** | **વ્યાજનો દર** |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૧ વર્ષથી ૩ વર્ષ સુધી | ૮.૫ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૭.૦ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૯.૦ ટકા |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | | |

૯૩ માસે રૂા. ૧૦૦૦/-ના રૂા. ૧૯૯૩/- મળશે.
સીનીયર સીટીઝનને F.D. ઉપર ૧ ટકો વધુ વ્યાજ આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડ-ઓફિસ તથા નજીકની શાખાનો સંપર્ક સાધવો.**

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
વેણીલાલ એમ. પારેખ — મેનેજિંગ ડિરેક્ટર
નિરંજનભાઈ ડી. દવે — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ ખાતે ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવની થયેલી ઉજવણી

ભાવનગર જિલ્લામાં વલ્લભીપુર નજીક નવાગામ ઢાળ ખાતે નવનિર્માણ પામેલ જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ ખાતે ૨૩ ફુટની અજોડ પ્રતિમાની પ્રતિષ્ઠા શનિવાર તા. ૨૨મી ફેબ્રુઆરીના રોજ કરવામાં આવી. આ અયોધ્યાપુરમ તીર્થ બંધુ બેલડી આ. શ્રી જિનચંદ્રસાગરસૂરિજી મ. સા. અને આ.શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી નિર્માણ થયું છે અને તેમની નિશ્રામાં અભૂતપૂર્વ મહોત્સવ ઉજવાયો છે. આ અંગેનો ૧૮ દિવસનો મહા મહોત્સવ તા. ૬ ફેબ્રુઆરીથી શરૂ થયો હતો અને તા. ૨૩ ફેબ્રુઆરી સુધી ચાલ્યો હતો. આ સુઅવસર ગચ્છાધિપતિ આ. શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ આઠ આચાર્ય ભગવંતો અને ૫૦૦થી વધુ શ્રમણ-શ્રમણી ભગવંતો પધાર્યા હતા.

આ પ્રસંગે અનેક ભવ્ય અનુષ્ઠાનો, સૌરાષ્ટ્રના સંતોનું સ્નેહમિલન, શ્રમણિ સંમેલન, સુપ્રસિદ્ધ સંગીતકાર રવિન્દ્ર જૈન, અશોક ગેમાવત, કાર્તિક શાહ વગેરેની આલ્હાદક ભક્તિ વગેરે કાર્યક્રમોથી આ તીર્થ ગૂંજી ઉઠ્યું હતું. કેન્દ્રીય પ્રધાન ભાવનાબેન ચીખલીયા, ગુજરાતના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ, સંસદ સભ્યો, વિધાન સભ્યો અને શેઠશ્રી શ્રેણિકભાઈ સહિત અનેક અગ્રગણ્ય જૈન આગેવાનોની મુલાકાતથી આ મહોત્સવ શાનદાર રીતે શાસનપ્રભાવના પૂર્વક ઉજવાયો.

સાત એકરમાં પથરાયેલું આ તીર્થ સંકુલ અદ્‌ભુત આકર્ષક અને મનમોહક બન્યું છે. જૈન આધુનિક ઈતિહાસનું આ એક શ્રેષ્ઠ સર્જન છે.

## ભાવનગર ખાતે વર્ષીતપના આરાધકોના પારણા

વર્તમાન અવસર્પિણીકાળમાં ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર પરમ ઉપકારી શ્રી ઋષભદેવ પ્રભુએ આરાધેલા મહાતપના આંશિક અનુકરણરૂપ વર્તમાનમાં વર્ષીતપની આરાધના કરાય છે. શ્રી શ્રેયાંસકુમારે પ્રભુજીને ઈક્ષુરસ વહોરાવી પારણું કરાવેલ અને દાન-ધર્મનો માર્ગ ખુલ્લો મુકેલ, તેની સ્મૃતિમાં ઈક્ષુરસનું પારણું પણ કરાય છે.

જૈન શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય-પ્રશિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિજયગુણયશસૂરીશ્વરજી મ. સા. તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મ. સા. ના સદ્‌ઉપદેશથી ભીંજાઈ **શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખશ્રી દિવ્યકાંત મોહનલાલ સલોત (એડવોકેટ)** તથા તેમના ધર્મપત્ની અ. સૌ. ગીતાબેન દિવ્યકાંત સલોતે પણ ચાલુ વર્ષે વર્ષીતપની સુંદર આરાધના આરાધેલ છે.

આ વર્ષીતપની આરાધનામાં ૪૨ આરાધકો જોડાયેલા છે. આ મહાવર્ષીતપનું પારણું આગામી તા. ૪-૫-૦૩ના (વૈ.શ.૩-અખાત્રીજ) ભાવનગર ખાતે રાખવામાં આવેલ છે.

આ મહા વર્ષીતપના આરાધકોની અમો ભૂરિ-ભૂરિ અનુમોદના કરીએ છીએ અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

***લિ. શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર***

## જૈન ગૌરવ એવોર્ડ મેળવતા ડૉ. કુમારપાળ દેસાઈ

ગત તા. ૨૩ માર્ચના રોજ મુંબઈ સ્થિત ક્રોસ મેદાનમાં ભવ્ય સમારોહમાં સુપ્રસિદ્ધ જૈનાચાર્ય અહિંસાયાત્રા પ્રવર્તક આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીની પાવન નિશ્રામાં જૈન સમાજનો સર્વોચ્ચ સન્માન ''જૈન ગૌરવ'' એવોર્ડ અમદાવાદ નિવાસી ડૉ. કુમારપાળ દેસાઈને અર્પણ કરવામાં આવેલ.

For Private And Personal Use Only

[illegible]

## મુનિ શ્રી જંબૂવિજયજી

દુનિયામાં ઘણાં ધર્મસંપ્રદાયો નામશેષ થઈ ગયા. કારણ તે સંપ્રદાયોમાં ધર્મનું વહન કરનાર સર્વ ત્યાગી પુરુષો કે સ્ત્રીઓ ન હતાં. કેટલાકમાં સર્વ ત્યાગીઓમાં સડો કારણભૂત બન્યો. **જૈનો** સમગ્ર દુનિયાની વસ્તીના એક ટકા છે છતાં **તે ધર્મ ટક્યો છે.** કારણ તેનું વહન કરનારા **સાધુ અને સાધ્વી સંઘ અત્યારે પણ સબળ છે** અને જ્ઞાન અને ચારિત્રના ઉત્તમ અંશો ધારણ કરનાર મહામાનવો તેમાં અવસરે અવસરે પ્રગટ થતા રહે છે.

તે શ્રમણરત્નોમાં એક એટલે આપણા સમયના **મુનિ શ્રી જંબૂવિજયજી.** ૮૦ વર્ષની વયે પણ જેમણે ઘડપણને દૂર રાખી જ્ઞાનપ્રાપ્તિનો ઉત્સાહ અને સંયમજીવનમાં અપ્રમત્ત સાધના કરી છે. તે કોઈને પણ ડોલાવી દે તેવી છે. તેઓ તેમનામાં રહેલા આ અજસ્ત્ર શક્તિસ્તોત્રનું શ્રેય પોતાના માતા-પિતાને આપે છે. તેઓ એક પત્રમાં તેમના માતુશ્રી સાધ્વીજી મનોહરશ્રીજીને કહે છે ''દુનિયામાં ખરેખર ભગવાન અને માતા-પિતા આ ત્રણ તરફ મને અતિ મમતા છે. તમારો અનંત ઉપકાર છે કે અજ્ઞાનના કીચડમાંથી તમે જો મને બહાર કાઢ્યો ન હોત તો મારી શી દશા થાત? તમારા ઉપકારનું વર્ણન કેવળજ્ઞાન હોય તો યે કરી શકાય નહિં.

પ્રસિદ્ધ દાર્શનિક શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ રચિત ''સન્મતિ પ્રકરણ'' ગ્રંથનું સટીક સંપાદન કાર્ય પં. સુખલાલજી સંઘવી અને પં. બેચરદાસજી દોશીએ સાત વર્ષની સતત જહેમત અને અથાગ પરિશ્રમપૂર્વક એવું કરેલું કે મહાત્મા ગાંધીજી જેવા તે સમયના ગુજરાત વિદ્યાપીઠના સંચાલક તરીકે તેમણે બન્ને વિદ્વાનોને બિરદાવી એક વર્ષ આરામ લેવા સલાહ આપી હતી.

આવા શ્રેષ્ઠ સંપાદનનો ગ્રંથ જ્યારે મુનિ શ્રી જંબૂવિજયજી પાસે નિરીક્ષણ માટે આવ્યો ત્યારે તેમણે તેમાં રહી ગયેલી ક્ષતિઓ પ્રત્યે એ બન્ને પંડિતવર્યોનું ધ્યાન દોર્યું. ત્યારે તેઓ મોંમાં આંગળા નાખી ગયા. એક બાવીસ-ત્રેવીશ વર્ષના યુવાન સાધુની આવી પ્રતિભાનો ત્યારે વિદ્વદ્જગતને પરિચય થયો. પં. સુખલાલજીએ આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજીને લખ્યું કે દ્વાદશારં નયચક્રની ટીકાનો મેં મારા સંપાદન કરેલ 'સન્મતિ પ્રકરણ' વેળાએ અભ્યાસ કરેલો પણ તે ગ્રંથનું સુયોગ્ય હાથો દ્વારા સંપાદન થાય તેવી મારી ઈચ્છા છે અને મને ખાત્રી છે કે - તે માટેની અધિકારી વ્યક્તિ મુનિ શ્રી જંબૂ-વિજયજી છે. મુનિ શ્રી પુણ્યવિજયજી એ એક પત્ર દ્વારા મુનિ શ્રી જંબૂવિજયજીને ખૂબ ભારપૂર્વક આગ્રહ કરતાં નયચક્ર ગ્રંથનું સંપાદન કરવા જણાવ્યું તે માટે જરૂરી તમામ સહાયતા પૂરી પાડવાની ખાતરી આપી. જૈનશ્રુત માટે એ એક સોનેરી ઘડી હતી. વિ. સં. ૨૦૦૨માં પુના ખાતે ભાંડારકર ઓરિએન્ટલ રિચર્સ ઇન્સ્ટિટ્યુટમાં આ કાર્યનું મંગલાચરણ થયું હતું.

મુનિશ્રી અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, જાપાનીઝ, સિંહાલી, પાલિ, સંસ્કૃત, પ્રાકૃત, હિંદી, ગુજરાતી વગેરે અનેક ભાષાઓના જ્ઞાતા છે. અનેક વિદ્વાનો મુનિશ્રી પાસે સંશોધન અર્થે આવે છે અને જ્યાં જ્યાં તેમનું ચાતુર્માસ હોય ત્યાં તેમણે કઠિન પરિસ્થિતિમાં પણ અભ્યાસ અર્થે રહેવાનું સ્વીકાર્યું.

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીએ આગમ સંશોધનનું જે મહા કાર્ય ઉપાડેલું અને આધુનિક સંશોધન સંપાદનના શ્રેષ્ઠ નમુના રૂપ ગ્રંથો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહાર પાડેલા તે તેમના નિધન પછી મુનિ શ્રી જંબૂવિજયજીએ ઉપાડી લીધું અને તેને નવી ઉંચાઈ આપી. તેમણે આ કાર્ય દ્વારા અનેક વિદ્વાનોને પ્રેરણા આપી.

તેમના સાહિત્યયાત્રા સર્વોતોમુખી છે. દર્શનના ક્ષેત્રમાં તેમની આણ પ્રવર્તે છે. ચાહે પૌર્વાત્ય હોય કે પાશ્ચાત્ય દર્શનનો-દાર્શનિક સિદ્ધાંતો સમજવા પરદેશી વિદ્વાનો તેમની પાસે સતત આવતા રહે છે.

મુનિ શ્રી જંબૂવિજયજીએ ક્યારેય પદની ખેવના રાખી નથી. પંન્યાસ, ઉપાધ્યાય, આચાર્યપદવી આપવા સંઘે ઘણીવાર વિચાર્યું, આગ્રહ કર્યો પણ તેમણે તે સ્વીકારવાનો સતત ઈન્કાર કર્યો છે. તેઓ નિરાસક્ત-નિરાશંસભાવે બધા જ કાર્યો કરે છે.

તેમણે જ્ઞાનભંડારોના સંરક્ષણની પ્રવર્તક મુનિ શ્રી કાંતિવિજયજી, મુનિ શ્રી ચતુરવિજયજી અને મુનિ શ્રી પુણ્યવિજયજીની પરંપરા આગળ ધપાવી. જેસલમેર, પાટણ, ખંભાત, લીંમડી, પૂના વગેરે સ્થળોએ ફરીને, ચાતુર્માસ કરીને અલભ્ય પ્રતો (તાડપત્રીય અને હસ્તલિખિત)નું માઇક્રો ફિલ્મીંગ અને ઝેરોક્ષ દ્વારા 'સીડી' કરાવી છે.

**જેસલમેરના જ્ઞાનભંડારો જગપ્રસિદ્ધ છે.** પરંતુ ત્યાં પડતી ૫૦ સેન્ટિગ્રેડની ગરમી, રણનો પ્રદેશ અને વા'તી લૂ ભલભલાના હાજા ગગડાવી દે છે. ત્યાં ફક્ત જ્ઞાનની ઉપાસના અર્થે ભંડારો વ્યવસ્થિત કરવા, તેમણે જે કાર્ય કર્યું છે તે મહાકાવ્યના ધીરોદાત્ત નાયકથી પણ શ્રેષ્ઠતર કહી શકાય. ત્યાંના ટ્રસ્ટીઓને સમજાવી તે ભંડારોની મહત્તાનો ખ્યાલ આપ્યો અને આધુનિક દૃષ્ટિએ તાડપત્રી અને હસ્તપ્રતોના સંરક્ષણનું કાર્ય મહા મહેનતે પૂરૂં કરી ભારતીય સંસ્કૃતિની અપૂર્વ સેવા કરી છે. તેમના આ કાર્યો જ તેમની પ્રતિભાનો ખ્યાલ આપવા પૂરતા છે. જ્યારે તેમના સાધુજીવનની મર્યાદાનો વિચાર કરીએ ત્યારે આપણું મસ્તક તેમની મહત્તાને નમી પડે છે. જૈન સાધુજીવન વિશ્વની આઠમી અજાયબી જેવું છે. અને તેનું કોઈ પણ જાતના સ્ખલન વિના પાલન કરતા કરતા આવા મહાભારત જેવા કઠીન કામો મુનિશ્રીએ કર્યા તે આપણા રૂંવાડા ઊભા કરી દે છે.

સાધુજીવનનું નિરતિચાર સંયમ નાના ગામડામાં વધુ સારી રીતે પાળી શકાય એ ધ્યેયથી તેઓ નાના નાના સ્થળોએ અથવા જ્ઞાનભંડાર જ્યાં હોય તેવી જગ્યાએ ચાતુર્માસ કરતા આવ્યા છે.

એક જંગમ વિદ્યાપીઠ જેવું આ વ્યક્તિત્વ અતિ વિરલ ઘટના છે.

તેમના જીવનના પ્રસિદ્ધિ નહિ પામેલા બે પાસાઓ બે ક્ષેત્રોમાં વ્યક્ત થાય છે. તેમના હૈયાની કરુણા પશુઓ પ્રત્યે અને અનુકંપાદાન દીન-દુ:ખીયારા પ્રત્યે સદાય વહેતી જ રહી છે.

પાંજરાપોળની પ્રવૃત્તિ અને સીદાતા સાધર્મિકો અને ગરીબોને સહાય કરવાની તેમની અપીલોમાં ગદ્દગદ્દ થતાં હૈયાની શાખ પૂરાયેલી છે. ભક્તિપૂર્ણ હૃદય અને વિમલ પ્રજ્ઞાનો અજોડ સુયોગ તેમનામાં મૂર્તિમંત થયો છે. મુનિશ્રીનો બુઝર્ગ વયે જેસલમેર હરદ્વાર અને બદ્રિનાથ સુધીનો વિહાર અનેક સાધુ માટે નવી પ્રેરણા આપનારો બની રહ્યો. બદ્રિનાથ એ ભગવાન ઋષભદેવ સાથે સંકળાયેલ તીર્થ છે. તેવી દૃઢ માન્યતાએ રૂઢિચિસ્ત હિંદુઓને ક્ષોભ પમાડ્યો. પરંતુ તેમની સાથેની ચર્ચામાં તેમણે મુનિશ્રીની માન્યતાને પ્રમાણી.

બદ્રિનાથથી તેમની સમેતશિખરજી સુધીનો ૨૦૦૦ કિ.મી.નો વિહાર પણ હિમાલયની યાત્રા જેવો રહ્યો. વચ્ચેના નાના ગામો અને તીર્થોમાં- જૈન અને જૈનેતરો સાથેનો તેમનો સંવાદ ચાલતો રહ્યો. કઠિન લેખાતી સમેતશિખરની તેમણે નવ-નવ વાર ચાલતા ચાલતા જ યાત્રાઓ કરી. આવા આદર્શ, પ્રભાવક શ્રુતસ્થવિર પ્રવર્તક મુનિ શ્રી જંબૂ-વિજયજીને સમગ્ર ભારતીય સમાજ એ જ પ્રાર્થે છે. શીવ શરદઃ શતમ્.

***-ગુણવંત છો. શાહ***

***(જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકામાંથી સાભાર)***

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શોકાંજલિ

જીવદયાપ્રેમી જસાણી રમણીકલાલ જેઠાલાલ ઉમરાળાવાળા-ભાવનગર (હાલ સુરત) ઉ.વ. ૯૧ ગત તા. ૫-૨-૦૩ને બુધવારના રોજ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા. ભાવનગરના અગ્રગણ્ય કાપડના વેપારી હતા. ધાર્મિક અને સામાજિક સેવાના સદ્કાર્યોમાં તેઓશ્રી ઊંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર*

## શોકાંજલિ

શ્રી અનંતરાય જાદવજીભાઈ શાહ-ભાવનગરવાળા (હાલ બોરાવલી-મુંબઈ) ઉ. વ. ૮૪ ગત તા. ૧૧-૨-૦૩ને મંગળવારના મુંબઈ મુકામે નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા. તેમ જ ધાર્મિક અને સામાજિક સેવાના સદ્કાર્યોમાં ઊંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં આ સભા સમવેદના કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર*

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ અખબારી યાદી

**વિદ્યાર્થીગૃહોમાં પ્રવેશ મેળવવા અંગે :**—ધોરણ ૧૦-૧૨ પછીના ડીપ્લોમાં-સ્નાતક કક્ષા સુધીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરવા ઇચ્છતા શ્વે.. મૂ. પૂ. જૈન વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ દ્વારા સંચાલિત વિદ્યાર્થીગૃહોમાં જૂન ૨૦૦૩થી શરૂ થતાં નવા સત્રથી પ્રવેશ મેળવવા માટેના અરજી પત્રકો તા. ૧લી એપ્રીલ-૨૦૦૩થી આપવામાં આવશે.

ઉમેદવારે દરેક વિદ્યાર્થીગૃહ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ કન્યા છાત્રાલય માટે અલગ અલગ અરજીપત્રક ભરવાનું રહેશે. ધો. ૧૨ સાયન્સ પછીના એન્જિનીયરીંગ-મેડિકલ શાખામાં અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે એક અલગ (Multiple) અરજી પત્રક બનાવેલ છે. માટે આ કક્ષાના વિદ્યાર્થીઓએ આ અરજી પત્રક ભરવું જરૂરી છે. વિદ્યાર્થીઓને પાળવાના નિયમો તથા ધારા ધોરણ સાથેના કોરા અરજી પત્રકના રૂા. ૫ તથા ટપાલ ખર્ચના રૂા. ૫ જે તે શાખામાં અથવા તો નીચેના સરનામેથી રોકડેથી, ટપાલ ટીકીટોથી અથવા મનીઓર્ડર દ્વારા મોકલ્યેથી કોરૂ અરજી પત્રક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને મોકલી આપવામાં આવશે.

જે તે વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મેળવવા માટેના સંપૂર્ણ ભરેલા અરજી પત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૫ જુન ૨૦૦૩ની છે. પ્રવેશ બે તબક્કે તા. ૧૦-૬ અને ૭-૭ સુધીમાં આપવામાં આવશે. પરીક્ષાનું પરિણામ ન આવ્યું હોય તેઓએ પરિણામની રાહ જોયા વગર અથવા કોલેજમાં પ્રવેશ ન મળ્યો હોય તોપણ પ્રવેશપત્ર સમયસર ભરી મોકલી આપવું. પરિણામ મળ્યેથી ગુણપત્રકની પ્રમાણીત નકલ દિવસ પાંચમાં પાછળથી મોકલી આપવી.

**સરનામું : શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬ ✆ : ૨૩૮૬૪૪૧૭-૨૩૮૮૭૮૯૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચોવીસમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી

*—રજૂકર્તા : દિવ્યકાંત સલોત*

ભારતની આર્ય ભૂમિ ઉપર જૈન ધર્મના ૨૪ તીર્થંકર થયેલા છે તે પૈકીના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામિનો જન્મ ૨૬૦૦ વર્ષ પહેલા ચૈત્ર સુદ તેરસના પવિત્ર દિવસે થયેલ.

ક્ષત્રિયકુંડ ગ્રામ નગરમાં કાશ્યપગોત્રી પિતા સિદ્ધાર્થ મહારાજા અને માતા ત્રિશલાદેવીની રત્નકુક્ષિમાં જ્યારે ભગવાનનો આત્મા પધાર્યો ત્યારે સ્વપ્નામાં માતાએ અર્ધ નિદ્રામાં કલ્યાણમય શિવસુખકારી એવા ચૌદ સ્વપ્નાઓ નિહાળેલ હતા. જે નીચે મુજબ હતા : (૧) ગજ (૨) વૃષભ (૩) સિંહ (૪) લક્ષ્મી (૫) માળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજ (૯) કળશ (૧૦) પદ્મ સરોવર (૧૧) સમુદ્ર (૧૨) વિમાન (૧૩) રત્નરાશિ (૧૪) નિર્ધૂમ શિખા.

માતાના ગર્ભમાં આવતા ભગવાનના પગલે પિતાને ત્યાં ધનના ઢગલા થવા લાગ્યા. દુશ્મનો શરણે આવ્યા અને ધાર્મિક, આધ્યાત્મિક વિચારો પ્રગટ થયા તેથી બાળકનું નામ ''વર્ધમાન કુમાર'' રાખવાનું પિતાએ નક્કી કર્યું.

કાળક્રમે ગર્ભકાળના નવ મહિના અને સાડાસાત અહોરાત્રી પુરેપુરી વ્યતીત થઈ ગઈ તે વખતે ચૈત્ર સુદ તેરસના મહા કલ્યાણકારી દિને સાતેય ગ્રહ ઉચ્ચ સ્થાને હતા, હસ્તોત્તરા નક્ષત્રનો ચંદ્રમા સાથે સુયોગ થયો હતો, મધ્યરાત્રિ પસાર થઈ ગઈ હતી, સઘળા યોગો શુભ સ્થાને એકઠા થતા ત્રણ લોકના ઉદ્યોત કરનારા, મોક્ષમાર્ગની ધુરાને ધારણ કરનારા ચતુર્વિધ સંઘના નેતા એવા રાજકુમારને ત્રિશલા મહારાણીએ જન્મ આપ્યો.

ભગવાન મહાવીર સ્વામીનો જન્મ થતાની સાથોસાથ ત્રણ લોકમાં પ્રકાશ ફેલાઈ ગયો. દેવોએ પોતાના દિવ્ય વાજીંત્રો વડે હર્ષનાદ વ્યક્ત કર્યો. દેવ દુંદુભિના નાદો શરૂ થયા. નભોમંડળમાં આનંદ-મંગલ ધ્વનિ વર્તાઈ ગયો. ''અહો જન્મ અહો જન્મ'' દેવી અને દેવતાઓ હર્ષોલ્લાસ કરવા લાગ્યા. ચોંસઠ ઈન્દ્રો, છપ્પન દિક્કુમારિકાઓ, દેવી-દેવતાગણ ભગવાનનો જન્મોત્સવ મનાવવા માટે મેરુપર્વત ઉપર તેમને વાજતે ગાજતે લઈ ગયા. ત્યાં ઉલ્લાસ ભર્યા વાતાવરણની વચ્ચે દિવ્ય વાજિંત્રોના સુરોથી સમગ્ર ગગનમંડળ ગુંજી ઉઠ્યુ હતું. દેવગણો ભગવાનના બાળ સ્વરૂપનો જન્મોત્સવ ઉજવવા લાગી ગયા. સૌથી પહેલા જુદા જુદા સુગંધિત પાણી વડે સોનાના-ચાંદીના કળશોથી પ્રભુને નવડાવવા માટે શક્રેન્દ્રે પોતાના ખોળામાં લઈ સ્નાનાદિ ક્રિયા શરૂ કરવામાં આવી. ક્રિયા દરમ્યાન શક્રેન્દ્રને મનમાં શંકા થઈ કે આ નાનું બાળક હજારોની સંખ્યામાં રહેલા પાણીના કળશના ધોધને સહન કરશે ખરૂં? શક્રેન્દ્રના મનોગત ભાવ જાણી ભગવાને ઈન્દ્રની શંકા દૂર કરવા માટે પોતાના પગના અંગૂઠાના અગ્રભાગથી મેરુપર્વતને દબાવ્યો અને મેરુપર્વત ધ્રુજી ઉઠ્યો, સમુદ્રો ખળભળી ઉઠ્યા, સમસ્ત સંસારી જીવોના હૃદયને ભેદી નાખે તેવો દારૂણ અવાજ થયો, ત્રણે લોકમાં કોલાહલ મચી ગયો, બધી બાજુએથી હલચલ મચી ગઈ, આવી આકસ્મિક પરિસ્થિતિ થતા શક્રેન્દ્રને ડર પેઠો કે કોઈ દૈત્યનું તોફાન લાગે છે. તરત જ પોતાના જ્ઞાનમાં જોયું ત્યારે ખ્યાલ આવ્યો કે મારી શંકા દૂર કરવા માટે ''આ તો પ્રભુની બાળ લીલા'' છે ઈન્દ્રાદિ પ્રભુનો જન્મોત્સવ ઉજવ્યા બાદ પ્રભુની માફી માંગી, પ્રભુ મને ક્ષમા કરો. મને ખબર નહિ કે આપનામાં આટલું બળ છે? ખરેખર ''આપ અનંત પરાક્રમી છો, અનંત વીર્યવાન છો, આપ અનંત શક્તિમાન છો. આપ ખરેખર વીર નથી પરંતુ મહાવીર છો'' શક્રેન્દ્રે સૌ પ્રથમ એવા નામની

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્‌ઘોષણા કરી જન્મોત્સવનું કાર્ય પૂર્ણ થતા શક્રેન્દ્રે પોતાની હથેળીમાં પ્રભુને લઈ ઉપર છત્ર ધારણ કરી ચામર વીંઝતા સરઘસાકારે દેવી-દેવતાગણો સામેલ થયા. ઘોષણા અને દિવ્યનાદ કરતા કરતા જ્યાં જન્મ ભવન હતું જ્યાં માતા અવસ્વપિની નિંદ્રાથી નિંદ્રાધીન થયેલા હતા તે સ્થાને તેઓ આવ્યા. ત્રિશલા માતાને પ્રણામ કરી પલકવારમાં સ્વસ્થાને ગયા.

આ બધું દેવની શક્તિ વડે ક્ષણવારમાં બની ગયું. પ્રભુનો જન્મ થયાના સમાચાર સિદ્ધાર્થ મહારાજાને દાસી દ્વારા આપવામાં આવ્યા. જેમ શુકલ પક્ષનો ચંદ્રમા પ્રતિદિન કલાઓમાં વધતો જાય છે તેમ વર્ધમાનકુમાર પણ સદ્‌ગુણોમાં વૃદ્ધિ પામવા લાગ્યા. બાળવય વટાવી પછી યૌવનસ્થાએ પહોંચ્યા ત્યારે લગ્નની અનિચ્છા હતી પણ માતા-પિતાના આગ્રહના કારણે એક ગુણવંતી અને રૂપવતી યશોદા નામની રાજકુમારી સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સંસારમાં રહેવા છતાં પણ જળ-કમળવત્‌ની જેમ રહ્યા. ૨૮ મા વર્ષે માતા-પિતા સ્વર્ગવાસી બન્યા. બે વર્ષ વડીલબંધુ નંદીવર્ધનના આગ્રહના કારણે રહી ત્રીસમા વર્ષે રાજપાટ વૈભવને તિલાંજલિ આપી એમણે સ્વયં દીક્ષાગ્રહણ કરી સાડા બાર વર્ષ અને પંદર દિવસ દરમ્યાન ઘોર તપશ્ચર્યા કરતા ફક્ત ૩૪૯ પારણા કર્યા હતા. અખંડ મૌનપણે કઠોર સાધના કરી કર્મોને ભસ્મીભૂત કરી ૪૨ મા વર્ષે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ત્રીસ વર્ષ સુધી જગતના પ્રાણીઓને ઉપદેશ આપ્યો. ''અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચ મૂળભૂત સિદ્ધાંતો તથા અનેકાન્તવાદ ઉપર ખૂબ જ ભાર આપ્યો. ભગવાને જગતમાં અહિંસાનો વાવટો ફરકાવ્યો. એમના સદુપદેશમાં જણાવ્યું કે જગતની અંદર નાનાથી માંડી મોટા જીવો જીવવા માટે ઇચ્છે છે કોઈ મરવા માટે ઇચ્છતું નથી. દરેક સુખને ઇચ્છે છે, દુઃખને કોઈ ઇચ્છતું નથી. ''જીવો અને જીવવા દો'' એવો જીવનમંત્ર આપનાર કરુણાવતાર ભગવાન મહાવીર સ્વામીને કોટિ કોટિ વંદના હજો...

❀ ❀ ❀




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
**''શ્રી આત્માનંદ પ્રકાશ''**
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments from :

Kinjal Electronics

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

## સાધર્મિક ભક્તિથી તીર્થંકર બન્યા

ધાતકીખંડમાં ઐરાવત ક્ષેત્રમાં ક્ષેમપુર નગરીના વિમળવાહન નામે રાજા થઈ ગયા. તેના શાસનકાળમાં એક વખત ભયાનક દુકાળ પડ્યો. તે વખતે તેણે ઘણા લાંબા સમય સુધી નગરના સાધર્મિકોને ભોજન આદિ આપીને તેમનો નિર્વાહ કર્યો હતો. ઉછળતા ભાવે કરેલી આ સાધર્મિક ભક્તિના કારણે તેમણે તીર્થંકર નામકર્મ બાધ્યું હતું. ત્યાર પછી તે રાજાએ દીક્ષા લીધી અને કાળ પામીને દેવલોકમાં ગયા અને ત્યાંથી આવીને આ ચોવીશીમાં સંભવનાથ તીર્થંકર તરીકે અવતર્યા.

જ્યારે તેઓ જન્મ પામ્યા હતા તે વખતે નગરમાં કારમો દુકાળ ચાલુ હતો. પણ તેમના જન્મથી તે નગરમાં ચારેબાજુથી પુષ્કળ અનાજ આવ્યું અને સુકાળ સુકાળ થઈ ગયો. આથી જ તેમનું નામ સંભવનાથ પડ્યું હતું.

મેસર્સ સુપર કાસ્ટ

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાવનગરના જૈન ઇતિહાસમાં પ્રથમવાર જ એક જ દિવસે ત્રણ-ત્રણ જિનાલયોમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘના ઉપક્રમે તા. ૨૮ જાન્યુઆરીથી તા. ૮ ફેબ્રુઆરી-૦૩ દરમ્યાન શ્રીકૃષ્ણનગર નૂતન જિનાલય શ્રીસુભાષનગર નૂતન જિનાલય તથા શ્રીદાદાસાહેબ જિનાલય એમ ત્રણ દેરાસરોમાં પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. શ્રી વિજયજયચંદ્રસૂરીશ્વરજી મ. સા. આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવની શાસન પ્રભાવક ઉજવણી કરવામાં આવેલ.

પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ કૃષ્ણનગર જૈન ઉપાશ્રયમાં ચતુર્વિધ શ્રીસંઘની ઉપસ્થિતિમાં ભાવનગર શ્રી સંઘના આગેવાનો તથા પ્રતિષ્ઠા કરાવનાર મહાનુભાવોને ગાદી પર બિરાજમાન કરાવી કંકુ-અક્ષતથી તીલક કરાવવાનો આદેશ શેઠશ્રી મોહનલાલ જગજીવનદાસ સલોત (વર્ષીતપના તપસ્વી શ્રીમતિ ગીતા અને દિવ્યકાંત સલોત) પરિવારે લીધેલ.

તા. ૭ ફેબ્રુ.ના રોજ રાત્રિના ત્રણેય જિનાલયોમાં કુલ ૪૮ પ્રતિમાઓની અધિવાસના અને અંજનવિધિ પૂ. ગુરુ મહારાજો દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગ નિમિત્તે શહેરમાં પ્રથમવાર જ રાત્રીના જૈનોનો વરઘોડો નીકળેલ જેમાં અતિ ઉત્સાહ પૂર્વક ગુલાબ ઉડાડીને જૈનોએ આ પ્રસંગને આનંદપૂર્વક ઉજવ્યો હતો.

તા. ૮ ફેબ્રુ.ના રોજ ત્રણેય જિનાલયોમાં સવારના શુભ મુહૂર્તે પરમાત્માની પ્રતિષ્ઠા કરવામાં આવેલ. પરમાત્માની પ્રતિષ્ઠાના દર્શન માત્રથી પવિત્ર થનાર સર્વે જીવોનું કલ્યાણ થાય છે અને એ જ કારણથી પરમાત્માની જિનમંદિરોમાં પ્રતિષ્ઠા થતાં સર્વ જીવોને અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે.

મહોત્સવ દરમ્યાન દરરોજ રાત્રીના મુંબઈથી ખાસ પધારેલ જયંતકુમાર રાહી એન્ડ પાર્ટી દ્વારા ભાવના ભાવવામાં આવતી હતી. વિધિકાર તરીકે શ્રી નરેન્દ્રભાઈ (અમદાવાદવાળા) તથા શ્રી હીતેશભાઈ (વડોદરાવાળા) પધાર્યા હતા.

સમસ્ત કાર્યક્રમને સફળ બનાવવા કૃષ્ણનગર જૈન સોસાયટી, સુભાષનગર જૈન સોસાયટી, ક્રેસંટ વિભાગના કાર્યકરો તેમજ શહેરના શ્રી સંઘના આગેવાન કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. મહોત્સવની પૂર્ણાહૂતિ પ્રસંગે આગેવાન કાર્યકરોનું બહુમાન કરવામાં આવેલ.

આમ, ભવ્ય અંજનશલાકા મહોત્સવની શાસન પ્રભાવના પૂર્વક ઐતિહાસિક ઉજવણી કરવામાં આવેલ.

## વલભીપુર-ચિંતામણી પાર્શ્વ. જિનાલયને સોવર્ષ પૂર્ણ થતાં યોજાયેલ શોભાયાત્રા અને ગુપ્તદાન ગંગા

વલભીપુરમાં આવેલ સુપ્રસિદ્ધ મુળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયને સો વર્ષ પૂર્ણ થયા હોય શેઠશ્રી હર્ષદભાઈ પુનમચંદભાઈ દોશી પરિવાર, વલભીપુર જૈન મિત્ર મંડળ-મુંબઈના સહયોગથી તાજેતરમાં શતાબ્દી મહોત્સવની ઉમંગ-ઉલ્લાસભેર રંગદર્શી ઉજવણી કરવામાં આવી હતી.

આ મહોત્સવ દરમ્યાન ગત. તા. ૧૪-૨ના રોજ વલભીપુર શહેરના ઇતિહાસમાં સર્વ પ્રથમ વખત એક અભુતપૂર્વ અને અદ્વિતીય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં ભાવનગર પંથકમાંથી મોટી સંખ્યામાં આબાલવૃદ્ધ ભાવિકજનો જોડાયા હતા. શોભાયાત્રા પૂર્વે શ્રી પુનમચંદ વિઠ્ઠલદાસ દોશી પરિવાર દ્વારા વલભીપુરમાં ઘેર-ઘેર જઈ ચીજવસ્તુઓ સ્વરૂપે ગુપ્તદાનની ગંગા વહેવરાવી હતી. વલભીપુરની આ ઘટના જૈન સમાજના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાશે. અન્ય ગામના જૈન સમાજ માટે અનુકરણીય એવા આ સત્કાર્યની ફક્ત જૈન સમાજમાં જ નહિ પરંતુ અન્ય સમાજમાં પણ મુક્ત કંઠે સરાહના થઈ રહી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા આયોજિત યાત્રા પ્રવાસ

***અહેવાલ : મુકેશ સરવૈયા***

શ્રી જૈન આત્માનંદસભા-ભાવનગર દ્વારા ગત તા. ૧૨-૧-૦૩ને રવિવારના રોજ ઘોઘા, પાર્શ્વભક્તિધામ-તણસા, તળાજા, દાઠા, પાલીતાણા-તલેટીનો એક દિવસીય તીર્થ યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

આ યાત્રા પ્રવાસ કારતક માસનો ડેમ તથા માગસર માસનો ઘોઘા સંયુક્ત રાખવામાં આવ્યો હતો. જેમાં ઘોઘા તથા ડેમના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરુભક્તિ, તીર્થભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

આ યાત્રા પ્રવાસમાં ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા ગેસ્ટશ્રીઓ જોડાયા હતા.

ભાવનગરથી એક લક્ઝરી બસ દ્વારા વહેલી સવારે ૬=૩૦ કલાકે નીકળી સવારના ૭=૩૦ કલાકે ઘોઘા પહોંચ્યા હતા. અહિં સેવા-પૂજા-દર્શન-ચૈત્યવંદન તથા નવકારશી કરી સવારના ૯=૩૦ કલાકે પાર્શ્વભક્તિધામ-તણસા પહોંચ્યા હતા. અહિં સેવા-પૂજા-દર્શન આદિ કરી તલાજા તરફ પ્રયાણ કર્યું હતું. તળાજા-તાલધ્વજ ગિરિરાજ ઉપર દાદાના દર્શન-સેવા-પૂજા-ચૈત્યવંદન કરી બપોરના ૧=૦૦ વાગે દાઠા પહોંચ્યા હતા. અહિં દેવ-દર્શન-પૂજા આદિ કરી બપોરના દાઠા ભોજનશાળામાં બપોરનું જમણ લીધું હતું. અહિંથી શેત્રુંજી ડેમ તરફ રવાના થયા હતા. અહિં દેવ-દર્શન-ચૈત્યવંદન કરી ચા-પાણી નાસ્તો કરી પાલીતાણા-તલેટી તરફ પ્રયાણ કર્યું હતું. અહિં તલેટીમાં દેવ-દર્શન કરી બાબુના દેરાસર દર્શન કરી લગભગ બે કલાકના રોકાણ બાદ ભાવનગર તરફ પરત પ્રયાણ કર્યું હતું.

આમ પંચતીર્થીનો અનેરો લાભ લઈ રાત્રીના ૧૦:૩૦ કલાકે ભાવનગર પહોંચ્યા હતા.

❀ ❀ ❀

## ❋ સાહિત્ય સમાલોચના ❋

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર (શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ)ના સહકારથી **'શ્રી સ્થાનાંગ સૂત્રમ્'** ભાગ-૧નું પ્રકાશન કરવામાં આવેલ છે. જેની કિંમત રૂા. ૫૫૦ છે.

સંપર્ક સૂત્ર : **શ્રી જૈન આત્માનંદ સભા**

ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

### ધર્મ કેવો છે?

**ધર્મ અગ્નિ જેવો છે, કારણ કે કર્મોને બાળે છે.**

**ધર્મ પાણી જેવો છે, કારણ કે તે આત્માના મેલને ધૂવે છે.**

**ધર્મ વિજળી જેવો છે, કારણ કે તે જ્ઞાનનો પ્રકાશ આપે છે.**

**ધર્મ વરાળ જેવો છે, કારણ કે તે જીવને મોક્ષભણી પ્રયાણ કરાવે છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# WWW. JAIN UNIVERSITY.ORG એટલે શું?

પ્રભુ મહાવીરના આદેશ-ઉપદેશ અને સંદેશને દેશ-વિદેશમાં ઈન્ટરનેટ દ્વારા ગાજતો અને ગુંજતો કરવો તે પૈકી, બાળકોને સંસ્કારજ્ઞાન, યુવાનોને ધર્મજ્ઞાન, વિચારકોને મૌલિકજ્ઞાન અને અભ્યાસુઓને વિશાળજ્ઞાન પ્રાપ્ત થાય તેવી અભ્યાસ સામગ્રી મૂકવી તથા જીવનની વિશાળ તકોને બતાવવી અને વિકસેલા વિજ્ઞાનયુગમાં જૈન ધર્મને વિશ્વ વ્યાપી બનાવવો. તેવા ઉપદેશ સાથે ગત. ૨૬-૧-૦૩ના રોજ શુભ મુહૂર્તે શ્રેષ્ઠિવર્યશ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીના પ્રમુખ સ્થાને અત્રેની વિશુદ્ધાનંદ સરસ્વતી હાઈસ્કૂલના સંકુલમાં ડૉ. શ્રી પંકજભાઈ મહેતાના વરદ્‌હસ્તે વેબસાઈટનું બટન દબાવી ઉદ્‌ઘાટન કરેલ. આ સુઅવસરે પૂ. ગણિશ્રી કુલચંદ્રવિજયજી મ.સા. એ સુભાશિષ આપેલ.

**આ સાઈટમાં ક્યાં શું જોશો?**

**મિશન :** ‘જીવનની દિશા બદલો, દશા બદલાઈ જશે’ ના વિચારો મળશે.

**લાઈબ્રેરી :** જૈન ધર્મ અને પર્યાવરણ, જૈન ધર્મની વૈજ્ઞાનિકતા, પ્રાચીનતા, જૈનીઝમ એટલે શું? જૈન ધર્મ પાળવાથી કેટ કેટલા લાભો થાય? ગૃહસ્થધર્મ--શ્રાવકધર્મ, સાધુધર્મ કેવો છે? જૈન છો? તો આચાર-વિચાર કેવા હોવા જોઈએ? દર્શન-પૂજાવિધિ, પ્રભુ મહાવીરના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો, કર્મોનું-તત્ત્વનું-સિદ્ધાંતોનું સરળ જ્ઞાન તથા જૈન ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, દર્શન, ક્રિયા-વિધિઓ-અનુષ્ઠાનો અને સૂત્રો, તીર્થો, પર્વો, કથા-વાર્તા અને કહેવતો તથા જાણવા જેવા કુલ ૧૨૦ વિષયો જોવા મળશે.

**આર્ટગેલેરી :** પ્રાચીન સંસ્કૃતિનું વૈવિધ્ય, જ્ઞાન બોધ, જીવન બોધ અને જગત બોધ આપનારા તથા જૈન ધર્મના પરિચાયક ચિત્રો જોવા મળશે.

**વિશેષતા :** અનેક સૂરિ ભગવંતો, મહાપુરુષો અને નામાંકિત વિદ્વાનોના આશિષ, અભિપ્રાયો અને સાથ સહકારથી આ સાઈટ આગળ વધે છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં શિક્ષણ અને સંસ્કારનો સમન્વય થશે. સેંકડો ગ્રંથોની સારભૂત વાતો જોવા જાણવા મળશે. તે સિવાય ઘણું બધું....

**સાથ સહકાર :** શ્રી સમસ્ત વડોદરા જૈન સંઘના શ્રી પ્રવિણભાઈ જે. શેઠ, શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ શેઠ, શ્રી ધીરૂભાઈ શાહ (ગુજ. વિધાનસભાના સ્પીકર), પ્રસિદ્ધ ચિંતક કુમારપાળભાઈ દેસાઈ, પ્રો. જીતેન્દ્રભાઈ બી. શાહ (ગુજરાત યુનિવર્સિટી), દીપકભાઈ બારડોલીવાળા, અશોકભાઈ જૈન, વિનુભાઈ કપાસી (લંડન), મુકેશભાઈ કપાસી તથા પ્રફૂલાબેન વોરા તથા અનેક મહાનુભવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધરમ તો ઘડપણમાં થશે-ખરું ને?

*ધૂની માંડલિયા*

મોટા ભાગના માણસોમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે ભગવાનની ભક્તિ, ધર્મનું આચરણ, દાન-કરુણા એ બધું ઘડપણમાં કરવાની ચીજ છે. ઘડપણમાં કંઈ કામ નથી હોતું એટલે ભગવાનની સેવા-પૂજા કરવામાં પૂરતો સમય પણ મળે. જુવાનીમાં તો ઘર ચલાવવા માટે દિન-રાત ધંધા-નોકરીમાં મહેનત કરવાની હોય, ધૂમ પૈસા કમાવાના હોય, સંબંધો બાંધવાના અને વિકસાવવાના હોય. ટૂંકમાં ધર્મ કરવા માટે વૃદ્ધાવસ્થા જ ઉત્તમ અવસ્થા છે. આવી મનોસ્થિતિ તમારી હોય તો તમે એવા રસ્તે ચાલવાનું શરૂ કર્યું છે કે જે રસ્તો કોઈ મંઝિલે પહોંચાડનારો નથી. કેવળ રઝળપાટ થશે.

ધર્મ એ રોજ, આજે જ, અત્યારે જ આચરવાનું તત્ત્વ છે. જેઓ યુવાનીમાં ધર્મ, ભગવાનની સાચી ભક્તિ નથી કરતા એ ઘડપણમાં ભગવાનને ભજે તો પણ એ ભક્તિમાં કોઈ દમ નહીં હોય. ધર્મ આજે જ આચરો. આજે નહીં આચરો તો ક્યારેય આચરી નહીં શકો, કારણ કે આવતીકાલ તમારા હાથમાં નથી. તમારા હાથમાં જે છે તે 'આજ' જ છે. ધર્મ એ કોઈ ખાસ અવસ્થામાં, કોઈ ખાસ પર્વમાં કે કોઈ ખાસ પ્રસંગોમાં આચરવાનો વિષય નથી. શોભાયાત્રા, ભવ્ય વરઘોડા, શ્રાવણ, પર્યુષણ કે રમઝાન માસ પૂરતો ધર્મ સીમિત નથી. પ્રભુ ભક્તિ કે ખુદા બંદગી એ રોજેરોજ શ્વાસની સાથે વણાવી જોઈએ. આપણી તમામ પ્રવૃત્તિઓ, અંગત જીવન, પારિવારિક જીવન, આપણા રોજિંદા ધનોપાર્જનના વ્યવહારો, આદાન-પ્રદાન સર્વેમાં ભગવાનની હાજરી હોવી જોઈએ. ભગવાનની હાજરી વગરની એક પળ પણ વ્યતીત થઈ જાય તો એ પળ આપણા જીવનની પળ હતી એવું ના મનાય. આપણા જીવનના વર્ષોના સરવાળામાં એ પળને ના મૂકાય કારણ કે તે પળ કોરી ગઈ છે. અહીં તો એવું જોવા મળે છે કે આખે આખું જીવતર કોરું ને કોરું પસાર થઈ જાય છે અને આપણે માનીએ તો એવું છીએ કે આપણે રોજ ધર્મ આચરીએ છીએ! આપણે સૌ અંધ છીએ અને અંધકારમાં અટવાયા કરીએ છીએ. આંખ વિનાનો નહીં, પોતાના દોષ જોઈ ન શકનારો ખરેખર અંધ છે. ધર્મ ઘડપણમાં થાય એવું વિચારનાર સૌ સમજણના દોષિત છે.

લોકો આપણા વિશે ઉચ્ચ અભિપ્રાય બાંધે એટલે ધર્મ કરીએ છીએ! આપણી વાહવાહ થાય એટલા માટે ધર્મની, ભગવાનની પ્રતિષ્ઠા કરીએ છીએ! ખરેખર તો માણસે ઈશ્વર પર એટલો સંપૂર્ણ વિશ્વાસ મૂકવો જોઈએ કે જેથી તેને દુનિયાના સર્ટિફિકેટોની જરૂર જ ન પડે. ભગવાન હર કદમ પર તમારું ધ્યાન રાખે છે. પોતાની પ્રતિષ્ઠા વધે, માન વધે, કદર થાય એવી કોઈ જ અપેક્ષા રાખ્યા વગર પ્રભુ તમારી સંભાળ રાખે છે. ભક્તિ ખરેખર કઠણ છે. શરૂશરૂમાં સહેલી લાગે, સારી લાગે પરંતુ ભક્તિ ખરેખર રંગ પકડવા માંડે ત્યારે તે કઠણ છે.

સવારે ઊઠ્યા કે તરત ચા નહીં ભગવાન યાદ આવવા જોઈએ. સૌ પ્રથમ આપણે આપણી ચિંતાને નહિ પણ ચૈતન્યને મળવાનું હોય. કોઈ પણ પ્રસંગે સૌ પ્રથમ ભગવાન યાદ આવવા જોઈએ. આ શ્રદ્ધા મગજમાં બેસવી જોઈએ; બુદ્ધિએ આ વાત માન્ય કરવી જોઈએ, મને તેનો સ્વીકાર કરવો જોઈએ અને તે વાત લોહીમાં જવી જોઈએ. એકાદ રામકથા કે ભાગવત પારાયણ સાંભળી તમારી ભક્તિમાં રંગ આવી જાય એ શક્ય નથી. રોજ રોજ ભક્તિને, ધર્મને ઘૂંટવા જોઈએ. નિશાળમાં પ્રથમવાર દાખલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતું બાળક જેમ એકડો ઘૂટ્યાં કરે છે તેમ ભક્તિને ઘૂંટવી પડે. ત્યારે ધર્મ ભીતરમાં સ્થિર થશે. સરસ એકડો, સાચો એકડો લખાશે. એવો એકડો પછી જીવીએ ત્યાં સુધી ના ભૂલાય.

વ્યક્તિ કે પરિસ્થિતિ સાથે બદલાય નહીં તેનું નામ ધર્મ, સાચી પ્રભુ ભક્તિ. ભક્તિ મોસમી નથી હોતી, સ્થાયી હોય છે. આપણો તો એટલું જ વિચારવું કે પ્રભુ, તારા સાન્નિધ્યમાં રહેવા સફર શરૂ કરી છે. અનુકૂળ પવન કે પ્રતિકૂળ પવનની જવાબદારી હવે તારા શિરે છે. આપણું આત્મસ્વરૂપ કંઈ પારકું નથી, દૂર નથી. ભવિષ્યમાં મળશે એવું પણ નથી. આપણો પ્રભુ-આપણું આત્મસ્વરૂપ આજે છે. અત્યારે છે, અબઘડી છે. આ પ્રકારની શ્રદ્ધા સ્થિર થાય ત્યારે ભીતરમાં ધર્મનો ઉદય થાય છે.

માણસ પોતાની સ્થૂળ જરૂરિયાતોને જેમ કે ભૂખને, તરસને, ધનને, એષણાને, ઊંઘને મુલતવી રાખતો નથી પરંતુ માનસિક સમસ્યાઓ, ધર્મનું આચરણ મુલતવી રાખવાનું શતાબ્દીઓથી શીખ્યો છે. 'ધર્મ તો ઘડપણમાં કરીશ' એવું વિચારનારા માણસોનો અહીં તોટો નથી અને લગભગ એવું જ જોવા મળે છે. જુવાનીમાં એશઆરામ આપનારી હજારો વસ્તુઓ ભેગી કરવી, તેને સાચવવી, તેને માટે રક્ષણના સાધનો ઊભા કરવા એ બધાથી ભગવાન હજારો ગાઉ દૂર છે.

આપણાં જિંદગીના વર્ષો કેવાં વહી જાય છે! શેમાં? પાછું ફરીને વિચારીએ કે જિંદગીભર શું કર્યું તો કદાચ મનને સંતોષ થાય એવો જવાબ પણ ન મળે. વેચવું અને ખરીદવું એ બેમાં વખત ગાળવો એ જિંદગી વેડફી નાખવા જેવું છે. હીરો વેચી કાચ ખરીદવા જેવું છે. ધર્મ આચરવાનો શ્રેષ્ઠ દિવસ આજ જ છે અને શ્રેષ્ઠ મુહૂર્ત અત્યારનું જ છે.

*(દિવ્યધ્વનિ માસિકમાંથી સાભાર)*

## ચંદનબાળા એક કર્મ કથા : જૈન ધર્મ પર પ્રથમ એનિમેશન વિડિયો ફિલ્મ

**કોમ્પ્યુટર ક્રોનિકલ્સે જૈનધર્મના ઐતિહાસિક પાત્ર ચંદનબાળા પર એનિમેશન વિડિયો સીડીનું નિર્માણ કર્યું છે. ચંદનબાળા-એક કર્મ કથા નામક આ વિડિયો સીડીમાં રાજકુમારી ચંદનબાળાના જીવનના ઊતાર ચઢાવની કથાને મઢી લેવામાં આવી છે. જૈન ધર્મ પર આ પહેલી એનિમેશન વિડિયો સીડી છે. ૮૫ મિનિટ લાંબી આ ફિલ્મમાં ઉત્તમ પ્રકારના એનિમેશનનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આમાં શિર્ષક ગીત ઉપરાંત ૧૦ શ્લોક-દોહાઓ આપવામાં આવ્યા છે. આ મનભાવન દોહાઓ દ્વારા દરેક પ્રસંગની મહત્તાને સમજાવવામાં આવી છે. આ ચંદનબાળાની કથા છે પરંતુ તેના દ્વારા જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોનું દર્શન કરાવવામાં આવ્યું છે. રાગ-દ્વેષ, માન-અભિમાન, સુખ-દુ:ખ, ચડતી-પડતી. સર્જન-વિસર્જન અને કર્મના સિદ્ધાંતોનું સુરેખ નિરુપણ થયેલું છે. અમેરિકાની પશ્ચાદ ભૂમિકામાં શરૂ થતી આ કથામાં આધુનિક સમયના જૈન ધર્મનો મહિમા અને તેનું સાતત્યનું દર્શન કરાવવામાં આવ્યું છે અને અંતમાં અમેરિકન ટ્રેડ સેન્ટરને ભસ્મીભૂત થતું બતાવીને નામ તેનો નાશ સર્જન વિસર્જન અને કર્મના સિદ્ધાંતોનો ખ્યાલ આપવામાં આવ્યો છે. જૈન ધર્મના જિજ્ઞાસુ લોકો માટે આ નવલું નજરાણું છે. આ સીડીના નિર્દેશક છે મહેન્દ્ર જૈન સંગીત આપ્યું છે મહેશ રાજુ નાઈકે અને ગીતકાર છે. નૈનમલ સુરાણા.**

**વધુ માહિતી માટે સંપર્ક : મહેન્દ્રભાઈ ડી. જૈન. ફોન : ૨૦૬૭૯૫૯**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઋણ ચૂકવ્યું

પારસી વિભૂતિઓમાં સર જમશેદજી જીજીભાઈનું નામ ખૂબ અગ્રિમ સ્થાનનું છે.

જમશેદજીનું બાળપણ નવસારીમાં પસાર થયું હતું. તેમનાં માતા જીવીબાઈ તેમને આંખના રતનથી ય અદકી રીતે જતનથી સંભાળતાં. જમશેદજી માત્ર છ વર્ષના હતા ત્યારે એક વખત તેમની માતાની આંખોમાં આંસુ છલકાઈ આવેલાં તેમણે જોયાં. બાળક જમશેદજીએ પૂછ્યું :

'બા, તું કેમ રડે છે?'

'દીકરા, મને તારી ચિંતા થાય છે....'

'પણ બા, ચિંતા થવાનું કોઈ કારણ?'

'કારણ તો બેટા, મારી તબિયત અસ્વસ્થ રહે છે. મને લાગે છે કે હું હવે ઝાઝું નહિ જીવી શકું, એટલે ચિંતા ઊપજે છે કે મારા દેહાંત પછી તારી દેખરેખ કોણ રાખશે? પછી મારી જેમ વહાલ કરીને તને કોણ ઉછેરશે? હું તો તને ખૂબ સુખી જોવા માગતી હતી, પણ હવે તો જેવી ખોદાયજી (ઇશ્વરની) મરજી! એ તને સંભાળશે....'

'હા, બા! તું ચિંતા ન કર! ખોદાયજી ઉપર ભરોસો રાખ અને હા, તને એક વાતની ખાતરી આપું છું કે જ્યાં સુધી મારી નસોમાં લોહી વહેતું હશે ત્યાં સુધી હું એવું કોઈ જ કામ નહિ કરું કે જેથી તને દુઃખ પહોંચે....!'

આ સાંભળીને જીવીબાઈ ગળગળા સાદે બોલ્યાં : 'બેટા, એ તો મને તારા ઉપર ભરોસો છે. પણ તારી ઉંમર નાની છે એટલે ચિંતા છે, છતાં હવે આપણે જુદાં પડવાનું આવશે એમ સમજીને તું મનથી તૈયાર રહેજે!'

જમશેદજીનું બાળક-હૃદય ભરાઈ આવ્યું.

જો કે ત્યાર પછી તો તેમનાં માતા-પિતા દસ વર્ષ જીવ્યાં હતાં. જમશેદજી સોળ વરસના હતા, ત્યારે પ્રથમ માતા અને પિતાને તેમણે ગુમાવ્યાં. કિશોરવયે કપરી જવાબદારી માથે આવી પડી. પિતાએ મૃત્યુની સેજ ઉપરથી છેલ્લે છેલ્લે કહ્યું હતું, 'દીકરા! સૂરજને કોઈ વખત વાદળો ઢાંકી દે તોય સૂરજનું અસ્તિત્વ નષ્ટ નથી થતું. તું પણ એવો જ સૂરજ સમાન છે, વિપત્તિઓનાં વાદળો સામે ધર્મબુદ્ધિથી ઝઝૂમતો રહેજે. ગરીબોને સહાય કરજે. એ જ શ્રેષ્ઠ સત્કાર્ય છે.'

પિતાજીના આ અંતિમ શબ્દોને તેમણે જીવનભર ચરિતાર્થ કરવાનો પુરુષાર્થ કર્યો.

જમશેદજીને એક વખત મુંબઈ મોકલવામાં આવ્યા હતા. તેઓ નવસારીથી મુંબઈ જવા નીકળતા હતા ત્યાં પડોશમાં રહેતી એક બાઈએ તેમને માર્ગમાં જમવા માટે ભાથાનો ડબ્બો આપેલો. જમશેદજીએ મનોમન સંકલ્પ કરેલો કે, 'માતા! તમારા આ ઋણનો રૂડો બદલો હું જરૂર ચૂકવી આપીશ.'

જમશેદજી મુંબઈમાં જૂની બાટલીઓ ખરીદવા ઠેર ઠેર ફરતા. મહોલ્લે મોહલ્લે જતા. સંઘર્ષો વેઠીને, મક્કમ મનોબળથી તેઓ આગળ વધતા રહ્યા. સાથોસાથ અભ્યાસ પણ કરતાં રહ્યા. કલકત્તા, ચીન વગેરે સ્થળે તેઓ કારોબાર વધારતા રહ્યા. અઢળક ધન કમાયા... અને પ્રૌઢ વયે જયારે તેઓ એકવખત નવસારી ગયા ત્યારે તેમને પેલી પાડોશી બાઈ અને તેનો ઉપકાર યાદ આવ્યો. તેઓ સામે ચાલીને એ બાઈના ઘરે ગયા. એ બાઈ તો વૃદ્ધ થઈ ગઈ હતી. એની આંખોનું તેજ પણ ઓગળી ગયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ભાઈ, કોણ?' એ વૃદ્ધાએ પૂછ્યું :

'એ તો હું. તમારો દેવાદાર....!'

'ભાઈ, મારી મશ્કરી શાને કરે છે? મારે વળી કોઈ દેવાદાર ક્યાંથી હોય....?'

'બા, યાદ કરો... ઘણાં વર્ષો પહેલાં હું જ્યારે માત્ર બાર જ વર્ષનો હતો ત્યારે તમારી પાડોશમાં રહેતો હતો.... મારા બાપુજીનું નામ જીજીભાઈ અને માતાનું નામ જીવીબાઈ. મારે મુંબઈ જવાનું હતું ત્યારે તમે મને રસ્તામાં ખાવા માટે ભાથાનો ડબ્બો આપ્યો હતો....'

'એ ખરું હશે, ભાઈ.... પણ તું મારો દેવાદાર કઈ રીતે એ વાત કર ને દીકરા!'

'માતા, આપે મને નાસ્તાનો ડબ્બો આપેલો એનું ઋણ હજી હું ભૂલી શક્યો નથી....'

'એ તે કાંઈ ઋણ કહેવાતું હશે?'

'માતા, તમે તો કરેલો ઉપકાર ભૂલી જઈને મહાનતા બતાવો છો.... પણ મને એ ઋણ ચૂકવવાની નાનકડી તક આપો....' કહીને જમશેદજીએ મોટી રકમ સામે મૂકી.

'બેટા, આટલું બધું.....'

'આ તો કાંઈ નથી, માતા! ઉપકારનાં તે વળી મૂલ્ય થઈ શકે ખરાં?' જમશેદજી બોલ્યા :

'દીકરા, સુખી થજે...., કીર્તિ કમાજે....' વૃદ્ધાએ આશીર્વાદ આપ્યા.. એ વર્ષ ઈ. સ. ૧૮૫૦નું હતું. એ વખતે સર જમશેદજીએ નવસારીમાં લાખ રૂપિયાની સખાવત દ્વારા અનેક સેવાકાર્યોમાં પ્રાણ પૂર્યાં હતાં.....

*(લેખક શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર' માંથી જનહિતાર્થે સાભાર)*

**Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**

Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210

Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069

Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જગત જનની : દયા

*--શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.*

સુરત તા. ૨-૨-૧૯૧૨

સર્વ જીવોને પોતાના આત્મા સમાન માનીને તેઓની રક્ષા કરવી જોઈએ. કારણ દયા સમાન કોઈ ધર્મ નથી.

પોતાના આત્મા ઉપર જેવો પ્રેમ પ્રગટે છે તેવો પ્રેમ સર્વ જીવોના ઉપર પ્રગટાવીને સર્વ જીવોના પ્રાણનું રક્ષણ કરવું. દરરોજ સર્વ જીવોના ઉપર પ્રેમ ભાવનાને પ્રગટાવવા માટે અમુક સમય નક્કી કરવો. કોઈ પણ માણસ આપણો પૂર્ણ પ્રેમી હોય તેના જેવો પ્રેમ સર્વ જીવો ઉપર પ્રગટાવવા માટે અમુક પ્રેમમૂર્તિ જેવા સર્વ જીવોને ધારી લેવા અને પશુ-પંખી તેમ જ ગરીબ, નિરાધાર માણસોના પ્રાણાદિના રક્ષણ માટે આપણી પાસે જે જે શક્તિઓ હોય તેનો સદુપયોગ કરવો.

સર્વ પ્રાણીઓના રક્ષણ માટે જે જે શક્તિઓ વાપરવામાં આવે છે તે તે શક્તિઓનો વિકાસ થયા વિના રહેતો નથી. જગતમાં દયાધર્મનું સાર્વભોમ રાજ્ય પ્રવર્તે તો આ દુનિયા ખરેખર સ્વર્ગના કરતાં પણ વધુ ઉત્તમ બની જાય.

પ્રભુને મળવાનું દ્વાર દયા છે. આત્માને પરમાત્મા બનાવનાર દયા છે.

એકેન્દ્રિય જીવો પર જેઓ દયાની વૃષ્ટિને વર્ષાવી રહ્યા છે એવા સાધુઓના હૃદયમાં કોઈનું પણ મન, વચન અને કાયાથી અશુભ કરવાની લેશ પણ ઈચ્છા ક્યાંથી હોય? દયાથી પોતાના આત્માને પવિત્ર કરનારા સાધુઓની જેઓ સોબત કરે છે તેઓ દયાથી પોતાના આત્માને નિર્મળ બનાવી શકે છે.

દયાની ઉત્કૃષ્ટ દશા જાણીને સર્વ જીવોની દયા કરવામાં સદાકાળ તત્પર રહેવું.

દયાધર્મની ભૂમિકા દૃઢ કરતાં બીજા પણ સદ્ગુણો પોતાની મેળે પ્રાપ્ત થવાના. જગતના જીવોની પૂજ્ય માતા દયા છે. એમ મનમાં જાણીને દયાનું આરાધન કરવા સદાય તૈયાર રહેવું.

દયા અને શુદ્ધ પ્રેમ વિના દાન પણ દઈ શકાતું નથી. જેઓનું હૃદય દયાના વિચારોથી છલોછલ ઊભરાઈ રહ્યું છે. તેઓના હૃદયમાં નિંદા, વેર, કલેશ, હિંસા, ક્રોધ, વિશ્વાસઘાત વગેરે દુર્ગુણો રહી શકતા નથી. માટે દરરોજ દયાની ભાવના ભાવવી અને પ્રાણીઓનું રક્ષણ કરવું તેમ જ તેમને અભય દાન દેવું.

**જગતમાં દયાધર્મનું સાર્વ ભોમ રાજ્ય પ્રવર્તે તો આ દુનિયા ખરેખર સ્વર્ગના કરતાં પણ વધુ ઉત્તમ બની જાય.**

*— 'પાથેય' પુસ્તકમાંથી સાભાર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એપ્રિલ : ૨૦૦૩ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

विवेकेन विना ज्ञानं विवेकेन विना तपः ।
विवेकेन विना धर्मो न भवेत् कुशलास्पदम् ॥

卐

વિવેક વિનાનું જ્ઞાન, વિવેક વિનાનું તપ, વિવેક વિનાનો ધર્મ કલ્યાણકારક થતાં નથી. (સર્વત્ર વિવેકનું પ્રાધાન્ય છે.) ૪

卐

Knowledge, austerities and religious practices, if devoid of wisdom or discrimination, never prove auspicious. 4.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૮, ગાથા-૪, પૃષ્ઠ-૧૮૦)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only